# આત્મધર્મ

## વર્ષ ૨૪

## સળંગ અંક ૨૭૮

### Version History

| Version Number | Date | Changes |
|---|---|---|
| 001 | Jan 2005 | First electronic version. |

દંસણમૂલો ધમ્મો



# આત્મધર્મ



આત્માર્થિતા વાત્સલ્ય દેવગુરુધર્મની સેવાનો સન્દેશ આપતું માસિક

૨૭૮

## સાચા હેતનો ઉલ્લાસ !


આત્માર્થી હોય તે તો પોતાની પ્રભુતા સાંભળતાં ઉલ્લસી જાય કે વાહ! મારા ચૈતન્યની પ્રભુતામાં વિકલ્પને અવકાશ જ ક્યાં છે? વિકલ્પ તરફનો ઉત્સાહ તૂટીને સ્વભાવ તરફ તેનું વીર્ય ઊછળે છે; પ્રભુતા તરફના પુરુષાર્થનો ઉત્સાહ પ્રગટ કરીને તે વિકલ્પથી ભિન્ન ચૈતન્યતત્ત્વને અનુભવે છે, ચૈતન્યમાં ઊંડો...ઊંડો ઊતરીને અતીન્દ્રિય–સુખનો તાગ લ્યે છે. જેમ પુત્રને દેખતાં અતિશય હેતને લીધે તેની માતાને દૂધની ધારા છૂટે, તેમ પોતાની પ્રભુતાનો જેને પૂરો પ્રેમ છે તેને તેની વાત સાંભળતાં હેત ઊભરાય છે ને અંતરમાંથી ચૈતન્યના આનંદરસની ધારા છૂટે છે, રોમરોમ ઉલ્લસે છે એટલે કે સર્વ ગુણોમાં પ્રદેશેપ્રદેશે અનુભવરસની ધારા ઉલ્લસે છે.

卐 卐 卐

તંત્રી : જગજીવન બાવચંદ દોશી * સંપાદક : બ્ર. હરિલાલ જૈન
વીર સં. ૨૪૯૩ માગશર ( લવાજમ : ત્રણ રૂપિયા ) વર્ષ : ૨૪ અંક ૨

શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)

# સત્યનો પ્રવાહ



સર્વજ્ઞદેવે અને કુંદકુંદાચાર્યાદિ દિગંબર સંતોએ કહેલું જે પરમ સત્ય અધ્યાત્મતત્ત્વ અત્યારે પ્રસિદ્ધિમાં આવી રહ્યું છે, ને જૈનસમાજમાં અત્યારે જે સ્થિતિ વર્તી રહી છે, તે ઉપરથી ગદ્‌ગદ્ હૃદયે ગુરુદેવે પ્રવચનમાં કહ્યું કે અરે, શું કહીએ? આ તો ભગવાન સીમંધર પરમાત્મા જે સત્ય કહી રહ્યા છે તે જ સત્યનો પ્રવાહ અહીં આવ્યો છે. આ તો ભૂલા પડયા એટલે અહીં આવી ગયા (અહીં ભક્તો કહે છે કે અમારા મહા ભાગ્ય હતા તેથી સત્યમાર્ગ બતાવવા આપ અહીં આવ્યા ને અમને આવું પરમ સત્ય પ્રાપ્ત થયું.) ગુરુદેવ કહે છે- અત્યારે મુનિપણું નહિ, ક્ષુલ્લકપણું નહિ, બહારમાં વિશેષ ત્યાગ ન દેખાય એટલે લોકોને અહીંની વાત સાધારણ લાગે છે, પણ બાપુ! આ તો સર્વજ્ઞ પરમાત્મા પાસેથી આવેલો પ્રવાહ છે. સર્વજ્ઞ પરમાત્મા જે કહે છે તેમાં ને આ વાતમાં કાંઈ ફેર નથી. આત્માનું પરમાર્થસ્વરૂપ દેખાડવાની સમયસારની શૈલિ કોઈ અલૌકિક છે. અહીંના લોકોના ભાગ્યે મહા નિધાન આવી ગયા છે. જે આવા નિધાનને ઠુકરાવશે તે પસ્તાશે. આ તો મહાભાગ્યે આવો અવસર મળ્યો છે, તે ચૂકવા જેવો નથી. બાપુ! અત્યારે જગતના કોલાહલમાં રોકાવા જેવું નથી, વીરરસ પ્રગટ કરીને સમભાવી આત્માને સાધી લે.

卐 卐 卐

વાર્ષિક લવાજમ
ત્રણ રૂપિયા

દંસણ મૂલો ધમ્મો
આત્મધર્મ

વીર સં. ૨૪૯૩
માગશર

વર્ષ : ૨૪, અંક : ૨

# શૂરવીર થઈને સ્વતત્ત્વને દેખ!

મુમુક્ષુને સ્વતત્ત્વને દેખવાની શૂરવીરતા ચડી જાય–એવો અદ્‌ભુત મહિમા સંભળાવતાં ગુરુદેવ વારંવાર કહે છે કે–

સ્વતત્ત્વના અવલોકનથી આનંદનો અનુભવ થાય છે. પોતે પોતાને દેખવામાં જે મહાન આનંદ છે, તેની જગતને કલ્પના પણ નથી, ને બાહ્ય વસ્તુને જોવામાં આનંદ માને છે, પણ ત્યાં તો આકુળતાનું દુઃખ છે. સુખનું ધામ તો સ્વમાં છે, તેના અવલોકનથી જ આનંદ છે.

રે જીવ! એક વાર સ્વતત્ત્વને તો દેખ. બહારમાં મરણ જેટલી પ્રતિકૂળતા આવે તો ય તેની દરકાર છોડીને તારા સ્વતત્ત્વને અંદરમાં દેખ. સ્વતત્ત્વને દેખતાં નિજાનંદની મસ્તીમાં તું એવો મસ્ત થઈ જઈશ કે જગતમાં બહારની કાંઈ મહત્તા તને નહિ રહે. બધા રસ છૂટીને ચૈતન્યના શાંતરસમાં જ તને મગ્નતા થશે. ચૈતન્ય–આરામમાં, આનંદના બાગમાં તું કેલિ કરીશ. શૂરવીર થઈને સ્વતત્ત્વને દેખ.

# ચેત ચેત જીવ ચેત !

## વિકારી સંસારથી વિરક્ત થઈને ચૈતન્યના આનંદનો સ્વાદ લે

[ વૈરાગ્યપ્રેરક પ્રવચન : કારતક સુદ ૧૪ ]

આત્મા જ્ઞાનસ્વભાવી છે; તે જ્ઞાનસ્વભાવને જાણનાર જ્ઞાની તો જ્ઞાનભાવને જ કરે છે; રાગાદિ અન્ય ભાવોને પોતાના સ્વભાવપણે તે કરતો નથી. અજ્ઞાની પણ અજ્ઞાનભાવવડે પોતાના શુભ–અશુભ ભાવનો કર્તા થાય, પણ પોતાથી ભિન્ન એવા પરદ્રવ્યના કોઈ કાર્યનો કર્તા તે થઈ શકે નહિ. શુભાશુભ–રાગકાર્યનું કર્તૃત્વ તે અધર્મ, અને વીતરાગી જ્ઞાનભાવનું કર્તૃત્વ તે ધર્મ; ચોથા ગુણસ્થાનથી જ જ્ઞાનીને જ્ઞાનભાવનું જ કર્તૃત્વ છે ને રાગાદિ અન્યભાવોનું કર્તૃત્વ છૂટી ગયું છે.

અરે જીવ ! દેહથી ભિન્ન તારા ચૈતન્યની સંભાળ તેં કદી કરી નથી. આ દેહ તો રજકણનું ઢીંગલું છે; એનાં રજકણો તો રેતીની જેમ જ્યાંત્યાં વીંખાઈ જશે.–

**રજકણ તારા રખડશે જેમ રખડતી રેત;**
**પછી નર ભવ પામીશ ક્યાં ? ચેત ચેત નર ચેત !**

રે જીવ ! તું ચેતીને જાગૃત થા. આત્માને જાણનારા આઠ આઠ વર્ષના રાજકુમારો તે સંસારથી વૈરાગ્ય પામીને માતા પાસે જઈને કહે છે કે હે માતા ! રજા આપ...‘અલખ જગાવું જંગલમાં એકલો !’ જંગલમાં જઈ મુનિ થઈ આત્મધ્યાનમાં મસ્ત બનું !

માતા કહે છે–અરે બેટા ! તું તો હજી નાનો છોને ! હજી આઠ જ વર્ષની તારી ઉમર છે ને !

ત્યારે પુત્ર કહે છે–માતા ! દેહ નાનો છે, પણ એટલું તો હું જાણું છું કે આ દેહ તો સંયોગી ચીજ છે, તે હું નથી, હું તો અવિનાશી ચૈતન્ય છું.–એવા ચૈતન્યના આનંદનું સ્વસંવેદન કરીને તે આનંદને સાધવા હું જાઉં છું. માટે હે માતા ! તું મને રજા આપ. આ અસાર સંસારમાં મને ક્યાંય હવે ચેન પડતું નથી. આ રાજમહેલ હવે

ઉદાસ લાગે છે. આ પ્રવૃત્તિના પરિણામોથી હવે હું થાક્યો છું. હવે તો આનંદસ્વરૂપમાં રમણતા કરવાની ધૂન જાગી છે. મુનિ થઈશ ને આત્માને સાધીને કેવળજ્ઞાન પામીશ.– માટે આનંદથી રજા આપ!

ત્યારે માતા પણ પછી તો આનંદથી રજા આપે છે કે બેટા, जहा सुखं–તારા સુખના માર્ગની આડે હું નહિ આવું! તને સુખ ઉપજે તેમ કર...ક્યાંય પ્રતિબદ્ધ ન પામીશ. જે તારો માર્ગ છે તે જ માર્ગે અમારે પણ આવ્યે છૂટકો છે.

પછી તે રાજકુમાર મુનિ થઈ સ્મશાન વગેરેમાં એકલો જઈને આત્માનું ધ્યાન કરે! મરણ થતાં આ શરીરને બીજા લોકો ઉપાડીને સ્મશાનમાં લઈ જાય છે, તેને બદલે હું જાતે દેહનું મમત્વ છોડી, સ્મશાનમાં જીવતો જઈને મારા ચૈતન્યહંસલાને સાધું. આ દેહની તો આજે આંખ ને કાલે રાખ! એવા બનાવો નજરે દેખાય છે. અરે, આવા અવસરે આત્માને નહિ સાધ તો હે જીવ! ક્યારે આત્માને સાધીશ?

આ દેહ તો જડ છે; તારા અનંત ગુણો તો તારા ચૈતન્યધામમાં ભર્યા છે–

**જ્યાં ચેતન ત્યાં અનંત ગુણ, કેવળી બોલે એમ;**
**પ્રગટ અનુભવ આપણો, નિર્મળ કરો સપ્રેમ...રે...**
**ચૈતન્યપ્રભુ! પ્રભુતા તમારી ચૈતન્યધામમાં...**

ભગવાન કેવળીપ્રભુએ દિવ્યધ્વનિમાં એમ કહ્યું છે કે હે જીવ! તારા ચેતનધામમાં તારા અનંત ગુણો ભર્યા છે; તેનો નિર્મળ પ્રેમ તું પ્રગટ કર...તારા પરિણામને અંતર્મુખ કરીને અનંતગુણના ધામને તારામાં દેખ. અરે, જે ચૈતન્યની વાર્તા સાંભળતાં પણ હર્ષ ઊછળે, તેના સાક્ષાત્ અનુભવના આનંદની તો શી વાત!!

ભાઈ, કરવા જેવું હોય તો આવા આત્માના અનુભવનું કાર્ય જ કરવા જેવું છે; એની જ હોંશ ને ઉત્સાહ કરવા જેવું છે. બાકી બહારના બીજા કાર્યોની કે ઇન્દ્રિય સંબંધી ઉઘાડની હોંશ કરવા જેવી નથી. જેમાં ચૈતન્યના ઉપયોગની જાગૃતિ હણાય તે ભાવમરણ છે. એક દેહ છોડીને બીજા દેહમાં જતાં વચ્ચે જીવને ઉપયોગની જાગૃતિ રહેતી નથી તેથી ખરેખર તેને મરણ કહ્યું છે. રસ્તામાં જીવના ઉપયોગની જે સંખ્યા ગણાવી છે તે તો તે પ્રકારના ઉઘાડની શક્તિ છે તે અપેક્ષાએ કહ્યું છે, પણ ત્યાં લબ્ધરૂપ ઉઘાડ છે, ઉપયોગરૂપ નથી. ત્યાં ઉપયોગનો અભાવ થઈ જાય છે તેથી મરણ કહ્યું.

દેહની ક્રિયા તો જડ છે. મરવા ટાણે બોલવા માંગે પણ બોલી ન શકે;–એ તો ક્યાં જીવને આધીન છે! તારો ઉપયોગ તારે આધીન છે, પણ જડની–ઇન્દ્રિયોની ક્રિયા તારે આધીન નથી.

અરે ભાઈ, તું તો વીરનો પુત્ર! વીર–માર્ગનો તું અફરગામી! અને પરભાવના કે ઇન્દ્રિયોના સ્વામીત્વમાં તું અટકી જાય–એ તે કાંઈ શોભે છે! અરે, એ તો નથી શોભતું, ને તારા જ્ઞાનને તું એકલા ઇન્દ્રિયવિષયો તરફ જ રોકી દે–તે પણ તને શોભતું નથી. તારા આનંદસ્વરૂપ આત્માના અનુભવમાં જ્ઞાનને વાળ...તેમાં જ તારી શોભા છે. **જેમાં જ્ઞાન છે ને જેને જાણતાં સુખ થાય છે એવો તો તું જ છો. પરચીજમાં ઇન્દ્રિયો વગેરેમાં જ્ઞાન પણ નથી, સુખ પણ નથી, અને તેને જાણતાં તને પણ સુખ નથી. જાણનાર એવા પોતાને જાણ, તેમાં જ તને સુખ છે. અરે, આવા આત્માને ભૂલીને અજ્ઞાની પરભાવના કર્તૃત્વથી દુઃખમાં રખડી રહ્યો છે.**

આત્માનો સ્વાદ તો અચલિત વિજ્ઞાનઘનરૂપ છે. પુદ્ગલનો સ્વાદ (ખાટો–મીઠો) તે તો જડ છે, ને રાગના સ્વાદમાં આકુળતા છે, તે કષાયેલો–કષાયવાળો સ્વાદ છે,–તે બંને સ્વાદથી જુદો પરમ શાંતરસરૂપ વિજ્ઞાનઘન સ્વાદ તે તારો સ્વાદ છે. સ્વાનુભવમાં જ્ઞાનીને આવા ચૈતન્યસ્વાદનું વેદન થયું છે.

જેને પોતાના ચૈતન્યના શાંતરસની ખબર નથી, તેનો સ્વાદ ચાખ્યો નથી, તે જીવ અજ્ઞાનથી શુભ–અશુભભાવોના સ્વાદને પોતાનો–આત્માનો સ્વાદ સમજે છે, ને તેથી તે વિકારીભાવોનો તે કર્તા થાય છે. અરે, તારા ચૈતન્યપૂરનો એકરૂપ પ્રવાહ, તેને ઇન્દ્રિયરૂપી પૂલના નાળાં વડે રોકીને તું ખંડખંડ કરી નાખે છે ને રાગ સાથે ભેળસેળ કરીને ભિન્ન ચૈતન્યસ્વભાવને તું ભૂલી રહ્યો છે. બાપુ! તારા સ્વાદમાં તો આનંદ હોય? કે આકુળતા હોય? ચૈતન્યખેતરમાં તો આનંદનાં અમૃત પાકે, કે વિકારનાં ઝેર પાકે? એ ઝેરીપરિણામોમાં અમૃતસ્વરૂપ આત્મા કેમ વ્યાપે? આનંદસ્વરૂપ આત્માનું વ્યાપ્ય (રહેવાનું સ્થાન) તે ઝેરરૂપ કેમ હોય? ભાઈ! તારું વ્યાપ્ય એટલે તારું રહેવાનું ધામ તો તારા ચૈતન્યપરિણામમાં છે, આનંદથી ભરેલા વિજ્ઞાનમય નિર્મળભાવમાં તું રહેનારો (વ્યાપક) છો, તે જ તારું રહેવાનું ધામ છે. આવા ધામમાં આત્માને રાખવો તેમાં તેની રક્ષા છે; ને વિકારવડે તેની હિંસા થાય છે. બાપુ! વિકારના કર્તૃત્વ વડે તારા આત્માને તું ન હણ...તારા ચૈતન્યસ્વાદને ખંડિત ન કર. વિકારથી ભિન્ન ચૈતન્યસ્વાદને અખંડ રાખીને તેને અનુભવમાં લે. *

(जयजिनेन्द्र)

# સર્વજ્ઞે જોયેલો પરમાર્થ જીવ કેવો છે?

## [ વિકારને આત્મસ્વભાવ માનનારો સર્વજ્ઞને જાણતો નથી. ]

卐 卐 卐 卐



અહો, આચાર્યભગવાને ભેદજ્ઞાનની કોઈ અપૂર્વ વાત સમજાવી છે. સર્વજ્ઞની સાક્ષીથી ને પોતાના સ્વાનુભવની નિઃશંકતાથી ચેતનની ને રાગની અત્યંત ભિન્નતા યુક્તિ વડે સમજાવી છે. અરે, એક વાર 'યાહોમ' કરીને ચૈતન્યસ્વભાવમાં ઝંપલાવ. સર્વથા રાગ વગરનો ચૈતન્યસ્વભાવ, એ તે શું રાગ સામે જોયે અનુભવમાં આવતો હશે? છોડ એની દ્રષ્ટિ, મૂક તારું માન, ને ઝંપલાવ ચૈતન્ય દરિયામાં!

[ સમયસાર ગાથા ૪૪ ઉપરના પ્રવચનમાંથી ]

卐 卐 卐 卐

આત્મા જ્ઞાનસ્વરૂપ છે, તે અચેતનસ્વરૂપ નથી, રાગાદિસ્વરૂપ નથી,–આવા આત્માનો જેણે અનુભવ કર્યો તેને મોક્ષમાર્ગ થયો.

જે જીવો આવા આત્માને અનુભવતા નથી ને માત્ર શુભરાગમાં ધર્મ માનીને અટકી ગયા છે તેવા જીવો મોક્ષને સાધવામાં નામર્દ છે, પુરુષાર્થ વગરના છે; મોહને મારવાની શક્તિ તેનામાં નથી.

ભગવાન સર્વજ્ઞદેવે આત્માને તો પરમ ચૈતન્યમય કહ્યો છે, ને સમસ્ત રાગાદિ અન્ય ભાવોને ચૈતન્યથી ભિન્ન કહ્યા છે, એટલે અચેતન કહ્યા છે, ને અચેતન હોવાથી તે પુદ્‌ગલમય કહ્યા છે, પણ જીવના સ્વભાવમય તે નથી.–ધર્મી જીવ આવા આત્માને જાણે

છે, ને તેને જ સર્વજ્ઞની ખરી શ્રદ્ધા છે; જે જીવ આવા આત્માને જાણતો નથી તે સર્વજ્ઞને પણ જાણતો નથી.

ભગવાન સર્વજ્ઞદેવ સમસ્ત લોકના પ્રકાશક છે, વિશ્વને સાક્ષાત્ જાણનારા છે, ને વીતરાગ છે. આવા નિર્દોષ સર્વજ્ઞ ભગવાને તો આ જ્ઞાનસૂર્યને ચૈતન્ય–કિરણોવાળો દેખ્યો છે; રાગનો અંધકાર તેનામાં નથી. આત્માના સ્વાનુભવમાં તે ભાવો પ્રવેશતા નથી. આત્માનો સ્વભાવ નથી માટે તેને પુદ્ગલનો સ્વભાવ કહ્યો. આત્માના સ્વભાવમાં તન્મય થનાર જીવને તે વિકારી ભાવો પોતામાં બિલકુલ અનુભવાતા નથી, પણ સ્વભાવથી તે ભિન્ન જ રહે છે. –જીવનો પરમાર્થ સ્વભાવ તો આવો ધર્મી જીવ જાણે છે. છતાં જેઓ રાગાદિ કલુષભાવોને આત્મા માને છે તેઓ પરમાર્થજીવને જાણતા નથી, વ્યવહારજીવ તે ખરો જીવ નથી; પરમાર્થજીવ એટલે શુદ્ધચેતનસ્વભાવી જીવ તે જ ખરો જીવ છે, ને તેના જ અનુભવ વડે સમ્યગ્દર્શનાદિ થાય છે.

ચૈતન્યભાવથી વિરુદ્ધ એવા જે અન્ય રાગાદિભાવો તેને ભગવાન સર્વજ્ઞદેવે જીવસ્વભાવ તરીકે જોયા નથી, સર્વજ્ઞના આગમમાં તેને જીવસ્વભાવ કહ્યા નથી, ને જ્ઞાનીના અનુભવમાં તેઓ જીવ તરીકે અનુભવાતા નથી.

તે રાગાદિ પરભાવોને સર્વજ્ઞદેવે જીવસ્વભાવથી જુદા જાણ્યા છે, સર્વજ્ઞના આગમમાં તેને જીવસ્વભાવથી જુદા કહ્યા છે ને જ્ઞાનીને જીવસ્વભાવનો જે અનુભવ છે તેનાથી પણ તે ભિન્ન જ છે.

અહીં તો કહે છે કે ચેતનથી અન્ય એવા રાગાદિભાવોને જેઓ જીવસ્વભાવ કહે છે તેઓ સત્યાર્થવાદી જ નથી, સાચું સ્વરૂપ તેઓ જાણનારા નથી. ત્રણ જગતને જાણનારા એવા પરમ સત્યવાદી સર્વજ્ઞદેવે જીવને ચેતનસ્વભાવમય કહ્યો છે. ચેતનભાવને અને રાગભાવને એકમેક કહે તે વચન સત્ય નહિ, તે વચન સર્વજ્ઞનું નહિ.

જુઓ, આ સર્વજ્ઞના વચનને ઓળખવાની રીત! જીવના ચેતનભાવને, અને રાગાદિ અચેતનભાવને, બંનેને ભિન્નભિન્ન ઓળખાવે તે સર્વજ્ઞનું વચન છે, ને એવું ઓળખે તે સર્વજ્ઞને ઓળખે છે. પણ રાગાદિ અન્યભાવોના અંશમાત્રને ચેતનભાવમાં જે ભેળવે, અથવા તે રાગાદિભાવોથી ચેતનને અંશમાત્ર લાભ માને તો તેને સર્વજ્ઞના વચનની પણ ખબર નથી ને સર્વજ્ઞને પણ તે ઓળખતો નથી.

મતિ–શ્રુતજ્ઞાન અંતર્મુખ થઈને આત્માનું જે સ્વસંવેદન કરે છે તેમાં રાગની અપેક્ષા નથી; સ્વસંવેદન જ્ઞાનવડે પોતે પોતાને પ્રત્યક્ષ થાય છે–એવી આત્માની તાકાત છે. પોતે પોતાને સ્પષ્ટ પ્રકાશે એવી પ્રકાશશક્તિ આત્મામાં છે એટલે તે પોતે પોતાને

સ્વસંવેદનથી પ્રત્યક્ષ થાય છે.–આમ સ્વાનુભવ વડે જેણે ચેતનભાવને અને રાગભાવને જુદા જાણ્યા, ચૈતન્યસ્વાદને તો પોતાનો જાણ્યો ને રાગના આકુળસ્વાદને પોતાથી ભિન્ન જાણ્યો, તેણે સર્વજ્ઞને ઓળખ્યા, તેણે જ્ઞાનીને ઓળખ્યા, તેણે સર્વજ્ઞના માર્ગને ઓળખ્યો.

વિકલ્પ તો ચેતન નથી, અ–ચેતન છે, તેના વડે ચેતનનો અનુભવ કેમ થાય? ન થાય. પણ તેનાથી ભિન્નતા વડે, જ્ઞાનભાવવડે જ ચેતનનો અનુભવ થાય છે. જ્ઞાન જ્યારે રાગથી જુદું પડીને અંતરમાં વળી જાય છે ત્યારે આત્માનું પ્રત્યક્ષ સંવેદન અને નિર્વિકલ્પ આનંદનો અનુભવ થાય છે. આ સિવાય બીજા લાખ ઉપાયે પણ આત્મા અનુભવમાં આવે તેવો નથી.

કોલસો ને કાળાશ ભલે એક હોય, પણ કોલસો ને સોનું કાંઈ એક નથી; તેમ રાગાદિ વિકલ્પો અને અચેતન–તેને ભલે એકતા હોય, પણ તે રાગાદિ કોલસાને અને ચૈતન્ય–સોનાને કાંઈ એકતા નથી, તે તો જુદા જ છે.

અહો, સર્વજ્ઞ પરમેશ્વરના ઘરની આ વાત જડ–ચેતનની અત્યંત ભિન્નતા દેખાડે છે, રાગને ય ચેતનથી અત્યંત ભિન્ન પાડીને શુદ્ધચેતનસ્વરૂપ પરમાર્થજીવ દેખાડે છે. અરે, એકવાર તારા આવા આત્માને દેખ તો ખરો! તારા ચેતનની અપાર મોટપ છે. તારો મોટપ પાસે રાગાદિ તો સાવ તુચ્છ છે. સર્વજ્ઞ જેવા વૈભવથી ભરેલો તું છો. તારા ચૈતન્યપેટમાં સર્વજ્ઞતા ભરેલી છે. તેના વેદનથી તને આનંદ પ્રગટશે, પ્રભુતા પ્રગટશે.

**અહો, આચાર્યભગવાને ભેદજ્ઞાનની કોઈ અપૂર્વ વાત સમજાવી છે. સર્વજ્ઞની સાક્ષીથી ને પોતાના સ્વાનુભવની નિઃશંકતાથી ચેતનની ને રાગની અત્યંત ભિન્નતા યુક્તિ વડે સમજાવી છે. અરે, એકવાર ‘યાહોમ’ કરીને ચૈતન્યસ્વભાવમાં ઝંપલાવ. સર્વથા રાગ વગરનો ચૈતન્યસ્વભાવ, એ તે શું રાગ સામે જોયે અનુભવમાં આવતો હશે? છોડ એની દ્રષ્ટિ, મૂક તારું માન, ને ઝંપલાવ ચૈતન્યદરિયામાં!**

-जय जिनेन्द्र

**મોત દુઃખદાયક નથી પરંતુ મોહ દુઃખદાયક છે.**
卐

**વૈરાગ્ય અભય છે. જ્યાં વૈરાગ્ય છે ત્યાં ભય નથી.**
卐

# અનુભવના અભ્યાસની પ્રેરણા

## ( સમયસાર કળશ ૩૪ ના પ્રવચનમાંથી )

અરે જીવો, આ ચૈતન્યતત્ત્વ અંતરમાં સ્વસંવેદન વડે જ્ઞાનીઓને અનુભવગમ્ય છે, યુક્તિથી ને આગમથી પણ તે સિદ્ધ થાય છે. હે ભવ્ય! હે આત્માના શોધક! બીજા નકામા કોલાહલથી તું વિરક્ત થા...અને અંતરમાં જ્ઞાનસ્વરૂપ આત્મા દેહથી જુદો છે તેને અનુભવવા માટે એકધારો છ મહિના પ્રયત્ન કર...અંતરંગમાં ભેદજ્ઞાનનો અભ્યાસ કર, નિશ્ચળપણે–લગનીપૂર્વક અંતરમાં અભ્યાસ કર. એમ કરવાથી તને તારા અંતરમાં જ ભિન્ન–ચૈતન્યતત્ત્વ અનુભવમાં આવશે. અરે જીવ! તું નિશ્ચળપણે અભ્યાસ કર તો છ મહિનામાં જરૂર તને આત્મપ્રાપ્તિ થાય. છ મહિના સુધી આત્માની લગનીમાં લાગ્યો રહે ને તેમાં ભંગ પડવા ન દે તો નિર્મળ અનુભૂતિ થયા વગર રહે નહિ. એક શરત છે કે બીજો કોલાહલ છોડીને પ્રયત્ન કરવો. અરે, મારું ચૈતન્યતત્ત્વ શું છે? –એમ અંતરમાં કુતૂહલ કરીને, તેની સન્મુખ થઈને અભ્યાસ કર. છ મહિના તો વધુમાં વધુ કાળ આપ્યો છે. કોઈને ટૂંકા કાળમાં પણ થઈ જાય. પરિણામમાં એવો તીવ્ર રસ છે કે આત્માના અનુભવના અભ્યાસની ધારાને તોડતો નથી. શરીરનું–કુટુંબનું શું થશે–એવા વિકલ્પના કોલાહલને મૂક એક બાજું, ને ચૈતન્યસ્વભાવના મહિમાનું ઘોલન કર. અંતર્મુખ થવાનો પ્રયત્ન છ મહિના કર ને બહિર્મુખની ચિંતા છોડ. તું બહારની ચિંતા ન કર તોપણ તેનું જે થવાનું છે તે થવાનું છે, ને તું ચિંતા ન કર તોપણ તેનું કાંઈ અટકી જવાનું નથી. માટે તું તેની ચિંતા છોડીને એકવાર તો સતતપણે તારા આત્માના પ્રયત્નમાં લાગ...છ મહિના તો ચૈતન્યના ચિંતનમાં તારા ઉપયોગને જોડ. આવા **ધારાવાહી** પ્રયત્નથી જરૂર તને આનંદસહિત તારા અંતરમાં આત્માનો અનુભવ થશે.

અહા, જુઓ તો ખરા! આચાર્યદેવે કેવી કોમળતાથી સમજાવ્યું છે! આત્માના અનુભવની કેવી પ્રેરણા આપી છે! ભાઈ, તારી વસ્તુ તારા અંતરમાં છે, તેની સન્મુખ પ્રયત્ન કરતાં તે પ્રાપ્ત થયા વગર રહે નહીં.

બહારના અનંતકાળના પ્રયાસે કાંઈ હાથ ન આવ્યું, એક રજકણ પણ તેનો થયો નથી, છતાં તેમાં લાગ્યો રહે છે તે મોટી દરિયા ભરાય એવડી મુર્ખાઈ છે. અને જો અંતરમાં ચૈતન્યની પ્રાપ્તિનો પ્રયત્ન કરે તો અંતર્મુહૂર્તમાં તેની પ્રાપ્તિ થાય ને સાદિઅનંતકાળનું સુખ પ્રાપ્ત થાય. સ્વરૂપના અભ્યાસ વડે સ્વરૂપની પ્રાપ્તિ જરૂર થાય છે. પરની પ્રાપ્તિ તો ન થાય, પણ પોતાની વસ્તુ તો પોતામાં મોજુદ છે, જો ચેતીને–જાગૃત થઈને જુએ તો પોતાનું સ્વરૂપ પોતાના વેદનમાં આવે છે. પોતાનું સ્વરૂપ કાંઈ પોતાથી દૂર નથી, અંતર્મુખ થતાં પોતે જ જ્ઞાન–આનંદસ્વરૂપ છે એમ અનુભવમાં આવે છે.

ઉત્કૃષ્ટ પ્રયત્ન કરે તો એક અંતર્મુહૂર્તમાં જ અજ્ઞાનનો પડદો તોડી નાખીને સ્વસ્વરૂપનો અનુભવ થાય છે. પણ શિષ્યને બહુ કઠણ લાગતું હોય તો તેને વધુમાં વધુ છ મહિનાનો સમય લાગવાનું કહ્યું છે. નિષ્પ્રયોજન કોલાહલ છોડીને સ્વરૂપના પ્રયત્નમાં લાગવાથી તત્કાળ તેની પ્રાપ્તિ થાય છે. પામનારા અંતર્મુહૂર્તમાં પામ્યા છે; અંતર્મુહૂર્તમાં કેવળજ્ઞાન પણ થાય છે. તો પછી સમ્યગ્દર્શન તો સુગમ છે પણ તે માટે અંતર્મુખ પ્રયત્ન જોઈએ. નજરની આળસે પોતે પોતાના સ્વરૂપને દેખતો નથી,–પણ છે તો અંતરમાં જ. માટે હે ભવ્ય! બીજો બધો કોલાહલ છોડીને એક ચિદાનંદતત્ત્વની પ્રાપ્તિના પ્રયત્નમાં તારા ઉપયોગને જોડ કે જેથી તુરતમાં જ તને તારો આત્મા અનુભવમાં આવશે.

## આરાધના

**અનાદિ મિથ્યાદ્રષ્ટિ એવા ભદ્રણાદિ રાજપુત્રો તે ભવમાં પહેલી જ વાર ત્રસપણું પામ્યા અને જિનેન્દ્રદેવના પાદકમળની નીકટમાં ધર્મશ્રવણ કરીને સમ્યગ્દર્શન તથા સંયમને પામ્યા અને ઘણા જ થોડા કાળમાં રત્નત્રયની પૂર્ણતા કરીને સિદ્ધ થયા...માટે આરાધના જ સાર છે.**

**( -ભગવતી આરાધના ગાથા ૧૭ )**

# ભગવાન ઋષભદેવ

## તેમના છેલ્લા દસ અવતારની આનંદકારી કથા

( મહાપુરાણના આધારે: લે. બ્ર. હરિલાલ જૈન )

[ લેખાંક આઠમો ]

[ ૧. મહાબલ રાજા; ૨. લલિતાંગદેવ; ૩. વજ્રજંઘ રાજા; ૪. ભોગભૂમિમાં સમ્યક્ત્વપ્રાપ્તિ; ૫. શ્રીધરદેવ; ૬. સુવિધિ રાજા; ૭. અચ્યુતેન્દ્ર; ૮. વજ્રનાભિ ચક્રવર્તી; એ આઠ ભવ પછી અત્યારે આપણા ચરિત્રનાયક સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્રપણે બિરાજી રહ્યા છે. ]

卐 卐 卐






[ ૯ ]

# ઋષભદેવનો પૂર્વભવ : સર્વાર્થસિદ્ધિ-દેવલોક

## ( વિષયો વગરના સુખની સિદ્ધિ )

સર્વાર્થસિદ્ધિ નામનું તે વિમાન લોકના અંતભાગથી બાર જોજન નીચે છે. સર્વશ્રેષ્ઠ એવા એ વિમાનની લંબાઈ–પહોળાઈ ને ગોળાઈ જંબુદ્વીપ જેટલી છે. સ્વર્ગના ૬૩ પટલ ( માળ ) ના અંતિમ ભાગમાં ચૂડામણિ રત્નસમાન તે શોભે છે. તે વિમાનમાં ઉત્પન્ન થનાર જીવના સર્વ મનોરથની આપોઆપ સિદ્ધિ થાય છે–તેથી તેનું ‘સર્વાર્થસિદ્ધિ’ નામ સાર્થક છે. ઘણું જ ઊંચું આ વિમાન પોતાની ફરકતી ધજાવડે જાણે કે મુનિવરોને સુખ દેવા માટે બોલાવી રહ્યું હોય–એવું શોભે છે. ( એકાવતારી ભાવલિંગી મુનિવરો જ સર્વાર્થસિદ્ધિમાં જાય છે. ) ત્યાંની ભૂમિ દિવ્ય મણિ–રત્નોની અનેકવિધ રચના વડે શોભી રહી છે.

આ પ્રમાણે અકૃત્રિમ અને શ્રેષ્ઠ રચનાઓ વડે શોભાયમાન એવા આ સર્વાર્થસિદ્ધિવિમાનમાં ઉપજીને આપણા ચરિત્રનાયક ક્ષણમાત્રમાં તો યૌવન દશાને પામ્યા. તેમનું શરીર એવું સુંદર હતું કે જાણે અમૃતનું બનેલું હોય! શાસ્ત્રકાર કહે છે કે, પુણ્યોદયને કારણે, આ સંસારમાં જે શુભ સુગંધિત અને સ્નિગ્ધ પરમાણુઓ હતા તે જ પરમાણુઓથી તેમના ઉત્તમ શરીરની રચના થઈ હતી; જીવતપર્યંત જેનો નાશ ન થાય એવી ઉત્તમ સ્વર્ગવિભૂતિ પણ તેની સાથે જ ઉપજી હતી. અનેક પ્રકારની ઉત્તમ ઋદ્ધિઓથી સુશોભિત એવા વૈક્રિયિક શરીરને ધારણ કરનાર તે અહમિન્દ્ર સર્વાર્થસિદ્ધિમાં જિનેન્દ્રદેવની અકૃત્રિમ પ્રતિમાઓનું પૂજન કરતા હતા અને પોતાના ક્ષેત્રમાં જ વિહાર કરતા હતા. મનોહર ગંધ, અક્ષત વગેરે પદાર્થો તેને ઈચ્છા કરતાંવેંત પ્રાપ્ત થતા હતા, અને તેના વડે તે વિધિપૂર્વક પુણ્યબંધ કરનારી એવી જિનપૂજા કરતા હતા. પુણ્યાત્મા જીવોમાં સૌથી પ્રધાન એવા તે અહમિન્દ્ર તે સર્વાર્થસિદ્ધિવિમાનમાં જ સ્થિત રહીને સમસ્ત લોકમાં રહેલી જિનપ્રતિમાઓની પૂજા કરતા હતા; તે પુણ્યાત્મા અહમિન્દ્રે પોતાના વચનની પ્રવૃત્તિ જિનદેવની પૂજાસ્તુતિ કરવામાં લગાવી હતી, મન ભગવાનને નમસ્કાર કરવામાં જોડયું હતું, અને શરીર ભગવાનને નમસ્કાર કરવામાં લગાવ્યું હતું. વગર બોલાવ્યે પણ

ધર્મગોષ્ઠીમાં આવનારા, પોતાના જેવી જ ઋદ્ધિને ધારણ કરનારા અને શુભભાવથી યુક્ત એવા બીજા અહમિન્દ્રોની સાથે ઘણા આદરપૂર્વક તે સંભાષણ કરતા હતા. કોઈ વાર તે હર્ષપૂર્વક અહમિન્દ્રોની સાથે તત્ત્વચર્ચા કરતા હતા, તો કોઈવાર પોતાના નિવાસની નજીકના ઉપવનમાં સરોવરના કિનારે રાજહંસની જેમ ક્રીડા કરતા હતા. શુક્લલેશ્યાના પ્રભાવથી પોતાના વૈભવમાં સંતુષ્ટ રહેનારા તે અહમિન્દ્રને પોતાના નિરૂપદ્રવ સુખમયસ્થાનમાં જેવી ઉત્તમ પ્રીતિ હોય છે તેવી બીજે ક્યાંય થતી નથી, તેથી પરક્ષેત્રમાં જવાની ઈચ્છા જ તેમને થતી નથી. જોકે તેમની ગમન કરવાની શક્તિ તો ઘણી છે, પણ તે પ્રકારની આકુળતા ન હોવાથી પોતાના વિમાનથી બહાર તેઓ ગમન કરતા નથી. 'હું જ ઇન્દ્ર છું, મારા સિવાય અન્ય કોઈ ઈન્દ્ર નથી' એવા આત્મસંતોષથી તે ઉત્તમદેવ 'અહમિન્દ્ર' નામથી પ્રસિદ્ધ થાય છે. તે અહમિન્દ્રદેવોમાં એકબીજા પ્રત્યે ઈર્ષા નથી, બીજાની નિંદા કે પોતાની પ્રશંસા નથી. તેઓ સુખી ને હર્ષસહિત વર્તતા થકા સદા કિલોલ કરે છે.

આવા સર્વાર્થસિદ્ધિ–વિમાનમાં ઊપજેલો આપણા ચરિત્રનાયક વજ્રનાભિનો જીવ અહમિન્દ્ર પોતાના આત્માથી ઉત્પન્ન થયેલા સ્વાધીન પરમ આનંદને ભોગવતો હતો. ૩૩ સાગર તેનું આયુષ્ય હતું; એક હાથ ઊંચું ને હંસ જેવું ધોળું અત્યંત સુંદર તેનું શરીર હતું. તે શરીરના શુદ્ધ અને તેજસ્વી કિરણોનો પ્રકાશ દશે દિશામાં ફેલાતો હતો. આ રીતે ઇન્દ્રાદિ દેવોનેય અગોચર ને પરમ આનંદદાયક એવા શ્રેષ્ઠ સર્વાર્થસિદ્ધિપદને તે પામ્યો.

સર્વાર્થસિદ્ધિમાં તે અહમિન્દ્ર તેત્રીસ હજાર વર્ષે માનસિક દિવ્યઆહાર ગ્રહણ કરતા હતા; સાડા સોળ મહિને એકવાર શ્વાસોશ્વાસ લેતા હતા. પોતાના અવધિજ્ઞાનરૂપી દીપકવડે તે ત્રસનાડીમાં રહેલા જાણવાયોગ્ય મૂર્તિક દ્રવ્યોને તેમની પર્યાયો સહિત પ્રકાશીત કરતા હતા. તે અહમિન્દ્રને પોતાના અવધિજ્ઞાનના ક્ષેત્ર જેટલી વિક્રિયા કરવાનું સામર્થ્ય હતું, પરંતુ રાગરહિત હોવાને કારણે વગર પ્રયોજને તેઓ કદી વિક્રિયા કરતા નહિ. જાણે જગતનું બધું સૌન્દર્ય એક જગાએ એકઠું થયું હોય એવી સુંદર તેમની મુદ્રા હતી. છઠ્ઠા ગુણસ્થાનવર્તી મુનિરાજને આહારકઋદ્ધિથી ઉત્પન્ન થયેલા આહારક શરીરની માફક તે અહમિન્દ્રનું વૈક્રિયિકશરીર દેદીપ્યમાન હતું. જિનેન્દ્રદેવે જે એકાન્ત અને શાંતરૂપ સુખનું નિરૂપણ કર્યું છે તે બધું સુખ જાણે કે આ અહમિન્દ્ર પાસે ભેગું થયું હતું.

વજ્રનાભિના તે આઠે ભાઈઓ (વિજય, વૈજયન્ત, જયન્ત, અપરાજિત, બાહુ, સુબાહુ, પીઠ અને મહાપીઠ), તેમજ શ્રીમતીનો જીવ ધનદેવ,–એ નવે જીવો પણ પુણ્યપ્રભાવથી વજ્રનાભિની સાથે જ સર્વાર્થસિદ્ધિમાં અહમિન્દ્ર થયા. સર્વાર્થસિદ્ધિમાં ઊપજેલા તે અહમિન્દ્રો મોક્ષસુખ જેવા સુખનો અનુભવ કરતા થકા, વિષયભોગો વગર (પ્રવીચાર રહિત) જ દીર્ઘકાળ સુધી પ્રસન્ન રહેતા હતા. તે અહમિન્દ્રોને શુભકર્મના ઉદયથી જે નિર્બાધ સુખ થાય છે તે પૂર્વોક્ત પ્રવીચારસહિત વિષયભોગોના સુખથી અનંતગણું હોય છે.

પ્રશ્નઃ– સંસારમાં જીવોને સ્ત્રી વગેરેના સંયોગથી સુખની પ્રાપ્તિ થાય છે, તો તેના અભાવમાં સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોને સુખ કઈ રીતે છે?

ઉત્તરઃ– સુખ બાહ્યવિષયોમાં નથી; ભગવાન જિનેન્દ્રદેવે આકુળતા રહિત વૃત્તિને સુખ કહ્યું છે; તેથી, જેમનું ચિત્ત અનેક પ્રકારના વિષયોની આકુળતાથી વ્યાકુળ છે એવા સરાગી જીવોને તે સુખ ક્યાંથી હોય? જેમ શરીરમાં શિથિલતા ને ચિત્તમાં મોહ ઉત્પન્ન કરનાર જ્વર (તાવ) તો સંતાપરૂપ છે, તે સુખરૂપ નથી; તેમ સ્ત્રી–સેવનરૂપ કામજ્વર પણ શરીરને શિથિલ કરનાર તે ચિત્તમાં મોહ કરનાર છે, તે તો લાલસા અને સંતાપ વધવાનું કારણ છે, તે સુખરૂપ નથી. જેમ કડવી દવાનું સેવન રોગી જીવો જ કરે છે, નીરોગી નહિ, તેમ વિષયોરૂપી કડવી ઔષધિનું સેવન ઈચ્છારૂપી રોગથી દુઃખી (આકુળ) જીવો જ કરે છે, નિરાકૂળ જીવોને વિષયસેવન હોતું નથી. જ્યારે મનોહર વિષયોનું સેવન માત્ર તૃષ્ણા વધારનાર જ છે, સંતોષનું કારણ નથી, તો પછી તૃષ્ણારૂપી જ્વાળાથી સંતપ્ત તે જીવ સુખી કેમ હોઈ શકે? સુખ તો આત્મામાં છે, વિષયોમાં નહિ; આત્મા પોતાના અનાકુળભાવથી પોતે જ્યાં સુખરૂપ થયો, ત્યાં બાહ્યવિષયો વગર જ તેને સુખ છે. જેમ,–જે ઔષધિ રોગને દૂર ન કરી શકે તે ખરી ઔષધિ જ નથી, જે જળ તરસને દૂર ન કરી શકે તે ખરેખર જળ નથી, જે ધન આપત્તિને દૂર ન કરી શકે તે ખરેખર ધન નથી, તેમ જે વિષયસુખો તૃષ્ણાને મટાડી ન શકે તે ખરેખર સુખ નથી, એટલે ઇન્દ્રિયવિષયોથી ઊપજેલું સુખ તે ખરેખર સુખ છે જ નહિ. જેમ સ્વસ્થ મનુષ્યને ઔષધિનું સેવન હોતું નથી તેમ ઈચ્છારહિત સંતોષી જીવને વિષયોનું સેવન હોતું નથી. જેમ સ્વસ્થ મનુષ્ય ઔષધિસેવન વગર જ સુખી રહે છે તેમ કામેચ્છારહિત સંતોષી અહમિન્દ્રો વિષયસેવન વગર જ સુખી રહે છે. એ પરમ સ્વાસ્થ્યરૂપ સુખ વિષયોમાં અનુરાગીને હોતું નથી; કેમકે તે વિષયો

ભોગવ્યા પહેલાં, ભોગવતી વખતે તેમજ ભોગવ્યા પછી પણ દાહજનક ( આકુળતારૂપ ) છે, વિદ્વાન પુરુષો તે જ સુખને ચાહે છે કે જેમાં મન વિષયોથી નિવૃત્ત થઈ જાય છે–ચિત્ત સંતુષ્ઠ થાય છે; પરંતુ એવું નિરાકુળ સુખ તે વિષયાન્ધ મનુષ્યોને ક્યાંથી પ્રાપ્ત થાય, કે જેમનું ચિત્ત સદાય વિષયોની પ્રાપ્તિ કરવા માટે ખેદખિન્ન થઈ રહ્યું છે! બાહ્યવિષયોમાં સુખ શોધનારને આકુળતા કદી મટતી નથી ને સુખ કદી મળતું નથી. વિષયોના અનુભવથી પ્રાણીઓને જે સુખ લાગે છે તે પરાધીન છે, બાધાઓથી સહિત છે, વ્યવધાન ( અંતરાય ) વાળું છે, અને કર્મબંધનું કારણ છે તેથી તે દુઃખ જ છે, વિષયો દારૂણ વિષ જેવા છે, તે ભોગવતી વખતે રમણીય લાગે છે પણ ખરજવાની ખાજની માફક તે દુઃખ દેનારા જ છે. જ્યાં સુધી મનમાં વિષયોની ઈચ્છા વિદ્યમાન છે ત્યાં સુધી જીવનું સાચું સુખ કદી મળતું નથી. સાચું સુખ ત્યારે જ થાય છે કે જ્યારે મનમાંથી વિષયોની ચાહ નીકળી જાય. સર્વાર્થસિદ્ધિના દેવોએ આત્માના અતીન્દ્રિય સુખને ચાખ્યું છે અને વિષયોની ચાહના તેમના મનમાંથી નીકળી ગઈ છે તેથી બાહ્યવિષયો વિના જ તેઓ ખરેખર સુખી છે. જગતમાં પ્રિય સ્ત્રીના સંસર્ગથી જ જીવોને જો સુખ થતું હોય તો તો ગંધાતા કૂતરા–કાગડા–હરણ ને પક્ષી વગેરે તિર્યંચો પણ સુખી હોવા જોઈએ. જેમ કડવા લીમડામાં ઉત્પન્ન થયેલ કીડો તેના કડવા રસના ભોગવટામાં પણ મધુરતા માનીને રતિ કરે છે, તેમ સંસારરૂપી વિષ્ઠામાં ઉત્પન્ન થયેલો આ મનુષ્યરૂપી કીડો, સ્ત્રીઆદિ વિષયોના ભોગવટામાં થતા ખેદને સુખ માનીને તેમાં લીન રહે છે! વિષયસેવનની પ્રીતિને જ જો સુખ માનવામાં આવે તો, કૂતરા અને ભૂંડ જેને પ્રીતિથી ખાય છે એવી વિષ્ઠામાં પણ સુખ માનવું જોઈએ. અરે, વિષયસેવનની ઈચ્છાવાળા જંતુઓ નિંદ્યવસ્તુના સેવનમાં પણ મહાસુખ માને છે! વિષયોપભોગમાં આકુળ જીવનું શરીર શિથિલ થઈ જાય છે, કંપે છે,–જો એવા જીવોને પણ સુખી કહેશો તો સંસારમાં દુઃખી કોને કહેશો? મૂરખા જીવો જ વિષયસેવનમાં સુખની કલ્પના કરે છે. જેમ કૂતરાને હાડકામાંથી જરાપણ રસ આવતો નથી, વ્યર્થ કલ્પનાથી જ તેમાં તે સુખ માને છે; તેમ વિષયોના સેવનમાં પ્રાણીઓને જરાપણ સુખ પ્રાપ્ત થતું નથી, પણ મોહથી વ્યર્થ કલ્પના કરીને તે પોતાને સુખી માને છે. વિષયોમાં સુખની આવી વિપરીત માન્યતા તે મિથ્યાત્વ છે. સમ્યગ્દર્શન–જ્ઞાન–ચારિત્રવડે કર્મોના ક્ષયથી કે ઉપશમથી જે આત્માનો સ્વાભાવિક આહ્લાદ ઉત્પન્ન થાય છે તે જ સુખ છે. તે સુખ અન્ય વસ્તુઓના આશ્રયે કદી ઉત્પન્ન થતું નથી.

જો બહારની સામગ્રીથી સુખ થાય છે–એમ કોઈ કહે તો, તેની સામે બે પ્રશ્નો ઉપસ્થિત કરવામાં આવે છેઃ– જેની પાસે બાહ્ય સામગ્રી વિદ્યમાન છે તેને શું તે સામગ્રીના હોવા માત્રથી જ સુખ થાય છે? કે તેનો ઉપભોગ કરવાથી? જો સામગ્રીના હોવાથી જ સુખ થતું હોય તો, જેને રોગ થયો છે કે વીંછી કરડયો છે એવા રાજાને પણ તે વખતે સુખ હોવું જોઈએ, કેમકે સ્ત્રી–ધન વગેરે બધી સામગ્રી વિદ્યમાન છે. (પરંતુ તે સામગ્રી વિદ્યમાન હોવા છતાં તે વખતે રાજા દુઃખી જોવામાં આવે છે, માટે સામગ્રી સુખનું કારણ નથી.) અને સામગ્રીના ભોગવટામાં પણ કલેશ, થાક ને આકુળતા જ હોવાથી તેમાં પણ સુખ નથી.–એ વાત પહેલાં કહેવાઈ ગઈ છે.

અરે, આ વિષયો તો સ્વપ્ન સમાન અસ્થાયી છે; તેનાથી સુખ કઈ રીતે પ્રાપ્ત થઈ શકે? વિચાર કરતાં માલુમ પડે છે કે વિષયસામગ્રી સુખનું કારણ નથી. તે સામગ્રી મેળવવામાં દુઃખ, તેને ભોગવતી વખતે દુઃખ, ને તેના વિયોગથી પણ દુઃખ, એ રીતે વિષયાધીન પ્રાણી નિરંતર દુઃખી જ છે. જે વિષયો સ્વયં વિનાશશીલ છે, જેના સેવન વડે જીવના સંસારનો નાશ થતો નથી, અને જેનું સેવન જીવના સન્તાપને દૂર કરી શકતું નથી એવા એ વિષયોને ધિક્કાર હો! જેમ લાકડા વડે અગ્નિ કદી શાંત થતો નથી ને નદીઓનાં પૂર વડે સમુદ્ર કદી તૃપ્ત થતો નથી, તેમ વિષયોના ભોગવટાથી જીવની તૃષ્ણા કદી દૂર થતી નથી. –એ રીતે વિષયો આકુળતાના જ ઉત્પાદક હોવાથી દુઃખરૂપ છે. આત્માનું સ્વાધીનસુખ તે વિષયોને આધીન નથી–નથી. જેમ ખારૂં પાણી પીવાથી મનુષ્યની તરસ છીપાતી નથી પણ ઊલટી બળતરા વધી જાય છે, તેમ ખારા પાણી જેવા ઇન્દ્રિયવિષયોના ભોગવટાથી પણ જીવની તૃષ્ણા કદી છીપતી નથી પણ ઊલટી વધે છે.

અહો, જેનો આત્મા પાંચઇન્દ્રિયોના વિષયોને આધીન થઈ રહ્યો છે અને વિષયરૂપી માંસની તીવ્ર લાલસા રાખે છે તે વિષયાધીન જીવ અચિન્ત્ય દુઃખ–ભારે દુઃખ પામે છે. જેમ વનમાં વિચરનારો હાથી સ્પર્શના મોહથી દુઃખી થાય છે, સરોવરમાં કેલિ કરનારું માછલું માંસના રસના મોહથી દુઃખી થાય છે, ગૂંજારવ કરનારો ભમરો ફૂલની સુગંધના મોહથી દુઃખી થાય છે, રંગીન પતંગિયું દીપકના પ્રકાશના રૂપમાં મોહિત થઈને ભસ્મ થાય છે, અને જંગલમાં ચરનારા હરણીયાં શિકારીના મધુર ગીતના શબ્દોમાં મોહિત થઈને મરે છે.–આ પ્રમાણે એકેક ઇન્દ્રિયના વિષયોનું સેવન પણ જ્યાં દુઃખથી ભરેલું છે, ત્યાં પાંચેય ઇન્દ્રિયના વિષયોનું તો શું

કહેવું? જેમ નદીના પ્રવાહમાં તણાયેલો પદાર્થ કોઈ ઊંડા ખાડામાં પડીને ભમરી ખાય છે, તેમ ઇન્દ્રિયવિષયોના પ્રવાહમાં તણાયેલો જીવ નરકરૂપી ઊંડા ખાડામાં પડીને દુઃખના ભમ્મરમાં ગોથાં ખાય છે. વિષયોથી ઠગાયેલો જીવ (મૃગજળમાં પાણીના ભ્રમથી ઠગાયેલા મૃગલાંની માફક) મહા કલેશને પામે છે, વિષયો પાછળ દોડીદોડીને થાકે છે પણ કિંચિત્ સુખ તેને મળતું નથી. ક્યાંથી મળે? તેમાં સુખ હોય તો મળે ને? એમાં સુખ છે જ નહિ પછી ક્યાંથી મળે? મનચાહી વસ્તુ કદાચિત મળે તોપણ તેમાં સુખ નથી, તેને ભોગવવાની ઈચ્છામાં આકુળતારૂપ દુઃખ જ છે. જો જીવ દુઃખી ન હોય તો વિષયો તરફ તે શા માટે દોડે? વિષયાધીન જીવ રાગદ્વેષ વડે પોતાના આત્માને દૂષિત કરે છે, ને છૂટવા કઠણ પડે એવા કર્મોને બાંધે છે; તે કર્મોથી પરલોકમાં પણ તે અત્યંત દુઃખી થાય છે. આ રીતે વિષયાધીન જીવને દુઃખનું ચક્ર ચાલ્યા જ કરે છે. આ સમસ્ત અનર્થની પરંપરા વિષયોથી જ ઉત્પન્ન થાય છે એમ સમજીને વિષયોની પ્રીતિ છોડી દેવી જોઈએ, ને આત્માધીન અતીન્દ્રિયસુખની શ્રદ્ધા કરીને ઉત્સાહપૂર્વક તેનો પ્રેમ કરવો જોઈએ.

આ પ્રમાણે સર્વાર્થસિદ્ધિના દેવોના અપ્રવીચાર (વિષયરહિત) સુખના વર્ણનદ્વારા, વિષયસામગ્રીમાં સુખ નથી પણ વિષયોરહિત આત્માના સ્વભાવનું સુખ એ જ સાચું સુખ છે –એમ સિદ્ધ કરીને, શ્રી ગૌતમસ્વામી શ્રેણિકરાજાને કહે છે કે હે મગધપતિ! તું નક્કી કર કે અહમિન્દ્રદેવોનું જે વિષયરહિત દિવ્યસુખ છે તે વિષયજન્ય સુખથી ઘણું અધિક છે.

વળી આ કથનની સિદ્ધભગવંતોના તે આત્મિક સુખનું પણ વર્ણન થઈ જાય છે કે જે સુખ વિષયોથી રહિત છે, માપ વગરનું અમાપ છે, અનંત છે, કેવળ આત્માથી જ ઉત્પન્ન (આત્માશ્રિત) છે અને અનુપમ છે. સ્વર્ગના તેમજ મનુષ્યોના ત્રણકાળના સુખને એકઠા કરવામાં આવે તોપણ, સિદ્ધપ્રભુના એક ક્ષણનાય સુખની બરાબરી તે કરી શકતા નથી. એ સિદ્ધભગવંતોનું સુખ પોતાના આત્માથી જ ઉત્પન્ન છે, બાધા વગરનું છે, કર્મોના ક્ષયથી થયેલું છે, પરમ આહ્લાદરૂપ છે, ઉપમા વગરનું છે અને સૌથી શ્રેષ્ઠ છે. સર્વ પરિગ્રહથી રહિત, શાંત અને ઉત્કંઠાથી રહિત એવા સિદ્ધભગવંતો પણ જો સુખી છે, તો સર્વાર્થસિદ્ધિના અહમિન્દ્રોને પણ બાહ્યસામગ્રી વગરનું સુખ સિદ્ધ થઈ જાય છે. સિદ્ધભગવંતો જેમ બાહ્યસામગ્રી વગર જ સંપૂર્ણ સુખી છે, તેમ વિષયરહિત એવા સર્વાર્થસિદ્ધિના દેવો પણ બીજા (વિષયલીન) જીવો કરતાં વધુ સુખી છે.

આપણા ચરિત્રનાયક ભગવાન ઋષભદેવના જીવ વજ્રનાભિ–ચક્રવર્તીને, સ્વર્ગથી પણ ઉપર એવા સર્વાર્થસિદ્ધિમાં સુકૃતનાં ફળથી જે વિષયરહિત ઉદાર સુખ પ્રાપ્ત થયું, તે એવું લાગતું હતું કે જાણે મોક્ષનું સુખ જ તેની સન્મુખ આવ્યું હોય? આ સંસારમાં જીવને જે સુખ કે દુઃખ થાય છે તે પોતાના કરેલા પુણ્ય કે પાપરૂપ કર્મબંધને અનુસાર થાય છે. પુણ્યનું ઉત્કૃષ્ટ ફળ સર્વાર્થસિદ્ધિમાં હોય છે, ને પાપનું ઉત્કૃષ્ટ ફળ સાતમી નરકના નારકીને હોય છે. શાંત પરિણામ, ઇન્દ્રિયદમન, સંયમ વગેરે વડે પુણ્યાત્મા જીવ ઉત્કૃષ્ટ પુણ્યફળને પામે છે, ને શમ–દમ–યમથી રહિત પાપીજીવ પાપનાં ફળને પામે છે.

અધિકારના અંતમાં શ્રી જિનસેનસ્વામી કહે છે કે–ઘણા જ નીકટકાળમાં જેમને તીર્થંકરપદરૂપી જિનેન્દ્રલક્ષ્મી પ્રાપ્ત થવાની છે એવા આ વજ્રનાભિએ જેવી રીતે શમ–દમ–યમની વિશુદ્ધિપૂર્વક આળસરહિત થઈને શ્રી જિનેન્દ્રદેવની કલ્યાણકારી આજ્ઞાનું આરાધન કર્યું અને મહાન સુખ પામ્યા, તેવી રીતે જેઓ અનુપમ સુખના અભિલાષી હોય અને દુઃખના ભારથી છૂટવા ચાહતા હોય તે બુદ્ધિમાન જીવોએ પણ આળસરહિત થઈને શ્રી જિનેન્દ્રદેવની આજ્ઞાનું (દર્શનવિશુદ્ધિ વગેરેનું) પાલન કરવું જોઈએ.

(આગામી અંકે અયોધ્યાનગરીમાં ઋષભઅવતાર થશે.)

## અષ્ટાહ્નિકા પર્વ વખતે બે મિત્રો વાત કરતા હતા-

એક કહે:– નંદીશ્વરદ્વીપે અતિ સુંદર રત્નપ્રતિમાઓ બિરાજી રહ્યા છે, તીર્થંકર જેવી તેમની શોભા છે; એના સાક્ષાત્ દર્શન કરવા આપણે જઈ શક્તા નથી, પણ દેવો ત્યાં જઈને સાક્ષાત્ દર્શન અને પૂજન કરી શકે છે. દેવોને કેવું સારૂં કે નંદીશ્વરદ્વીપે પણ જઈ શકે!

બીજો મિત્ર કહે:– ભાઈ, નંદીશ્વરના રત્નપ્રતિમાના દર્શનની અપેક્ષાએ તારી વાત સાચી; પરંતુ બીજી એક વાત છે–દેવો ભલે નંદીશ્વર જઈ શકે પણ મોક્ષમાં નથી જઈ શક્તા; ને આપણે મનુષ્યો ભલે નંદીશ્વર ન જઈ શકીએ પણ મોક્ષમાં જઈ શકીએ છીએ.–તો હવે કોણ ઉત્તમ?
દેવો કેવળજ્ઞાન નથી પામતા, મનુષ્યો પામે છે.
દેવો મુનિ નથી થઈ શક્તા, મનુષ્યો મુનિ થઈ શકે છે.

卐 卐

## પરમ શાંતિ દાતારી

# અધ્યાત્મ ભાવના

( લેખાંક ૪૩ ) ( અંક ૨૭૭ થી ચાલુ )

ભગવાનશ્રી પૂજ્યપાદસ્વામી રચિત સમાધિશતક ઉપર પૂજ્યશ્રી કાનજીસ્વામીનાં અધ્યાત્મભાવનાભરપૂર વૈરાગ્યપ્રેરક પ્રવચનોનો સાર.

દેહમાં આત્મબુદ્ધિથી જીવ પોતાને ભવસમુદ્રમાં રખડાવે છે, ને દેહથી ભિન્ન ચિદાનંદ– સ્વરૂપ આત્માને જાણીને આત્મામાં જ આત્મબુદ્ધિ વડે જીવ પોતાને મોક્ષમાં લઈ જાય છે. આ રીતે આત્મા પોતે જ પોતાના બંધ–મોક્ષનો કર્તા છે. એટલે હિતમાર્ગમાં લઈ જવા માટે નિશ્ચયથી પોતે જ પોતાનો ગુરુ છે એ વાત ૭૫ મી ગાથામાં બતાવી.

હવે, દેહાદિથી ભિન્ન આત્માને જે જાણતો નથી, ને દેહને જ આત્મા માનીને તેમાં આત્મબુદ્ધિથી વર્તે છે તેને મરણ પ્રસંગે શું થાય છે તે કહે છે–

दृढात्मबुद्धिर्देहादावुत्पश्यन्नाशमात्मनः।
मित्रादिभिर्वियोगं च विभेति मरणाद्भृशम् ।।७६।।

જેને દ્રઢપણે દેહમાં જ આત્મબુદ્ધિ છે, દેહ તે જ હું એમ માન્યું છે તે જીવ દેહ છૂટવાનો પ્રસંગ આવતાં પોતાનું મરણ માનીને મરણથી ભયભીત થાય છે, ને મિત્રાદિનો વિયોગ દેખીને ભયભીત થાય છે.

જુઓ, એકવાર તો બધાયને આ દેહના વિયોગનો પ્રસંગ આવેશ જ. આ દેહ છૂટો છે તે છૂટો પડશે, તે કાંઈ આત્મા નથી. જેણે દેહથી ભિન્ન આત્મતત્ત્વને લક્ષમાં લીધું નથી તે દેહના વિયોગે આત્માનું મરણ માને છે એટલે તે અશરણપણે મરે છે. જ્ઞાની તો આત્માને દેહથી ભિન્ન જાણે છે, દેહને પહેલેથી જુદો જ જાણ્યો છે, ધ્રુવચૈતન્યની દ્રષ્ટિમાં તેને મરણનો ભય નથી. જ્ઞાની જાણે છે કે આ જડ શરીર મારું નથી, મારું તો જ્ઞાનશરીર છે, તે જ્ઞાનશરીરનો મને કદી વિયોગ થતો નથી માટે મારું મરણ નથી.

મરણ જ મારું નથી પછી ભય કેવો ? જેને દેહદૃષ્ટિ છે તેને જ મરણનો ભય છે, કેમકે દેહથી જુદા આત્માનું શરણ તેને ભાસતું નથી તેથી તે અશરણપણે મરે છે.

ભાઈ, પહેલાં આત્મા અને દેહ વચ્ચે ભિન્નતા જાણીને, દેહથી જુદા આત્માને સ્વસંવેદનમાં લે. દેહ તે હું એવી દૃષ્ટિને બદલે, 'આત્મા હું' એવી દૃષ્ટિ કર; દૃષ્ટિ એકદમ પલટાવી નાંખ. આવી દૃષ્ટિ પલટાવ્યા વગર જે કાંઈ ચેષ્ટા કરવામાં આવે તે બધી જન્મ–મરણ નું જ કારણ થાય છે. દેહદૃષ્ટિવાળાને 'હું મરી જઈશ' એવો ભય કદી મટતો નથી; આત્મદૃષ્ટિવાળાને પોતાનું અવિનાશીપણું ભાસ્યું છે એટલે તેને મરણનો ભય રહેતો નથી. તેથી કહ્યું છે કે–

**અબ હમ અમર ભયે ન મરેંગે..............**
**યા કારન મિથ્યાત દિયો તજ, ફિર કયોં દેહ ધરેંગે......**
**અબ હમ અમર ભયે૦**

દેહ અને આત્માની એકત્વબુદ્ધિ રાખીને જીવ જે કાંઈ ક્રિયાકાંડ કરે, શુભરાગ કરે, પણ તેનામાં એવી તાકાત નથી આવતી કે મરણનો ભય મટાડે. ભેદજ્ઞાનમાં જ એવી તાકાત છે કે અનંત જન્મ–મરણથી છોડાવે છે ને મૃત્યુનો ભય મટાડે છે. આવું ભેદજ્ઞાન કોઈ બહારની ક્રિયાના આશ્રયે કે રાગના આશ્રયે થતું નથી, ચૈતન્યના સ્વસંવેદનના અભ્યાસવડે જ આવું અપૂર્વ ભેદજ્ઞાન થાય છે.

અહા, સમ્યગ્દર્શન થયું ત્યાં તો 'ભવકટ્ટી' થઈ ગઈ. જેમ બે છોકરાને ન ભળે તો 'કટ્ટી' કરીને મિત્રતા છોડી દે છે; તેમ બાલબુદ્ધિથી દેહ અને આત્માને એક માનીને, દેહની સાથે મિત્રતા કરી કરીને, દેહના સંગે જીવ ચારગતિમાં રખડયો, પણ હવે ભિન્નતાનું ભાન થતાં દેહ સાથેની મિત્રતા છોડી ને તેની કટ્ટી કરી, એટલે ભવ સાથે કટ્ટી થઈ ને મોક્ષ સાથે મિત્રતા થઈ. તે અલ્પકાળમાં મોક્ષ પામશે.

અજ્ઞાની તો શરીરની હયાતીને જ પોતાની હયાતી માને છે, શરીરના વિયોગને પોતાનું મરણ માને છે; શરીરની ક્રિયાને પોતાની ક્રિયા માને છે, પણ પોતાની જ્ઞાનક્રિયાને જાણતો નથી. ભાઈ, તું ચેતન...શરીર જડ; તારી ક્રિયા જ્ઞાનમય, શરીરની ક્રિયા અજીવ; જીવનો ધર્મ તો જીવની ક્રિયાવડે થાય, કે જીવનો ધર્મ અજીવની ક્રિયાવડે થાય ? દેહથી ભિન્ન ઉપયોગસ્વરૂપ આત્મા સર્વજ્ઞદેવે જેવો જોયો છે તેવો તને અત્યંત સ્પષ્ટપણે સન્તો સમજાવે છે, –તો હવે તો તું ભેદજ્ઞાન કર! એકવાર પ્રસન્ન થઈને અંતરમાં આવું ભેદજ્ઞાન કર.

મારી કોઈ ચેષ્ટા દેહમાં નથી, ને દેહની કોઈ ચેષ્ટામાં હું નથી–આવું ભેદજ્ઞાન જેને નથી તે મરણના ભયથી થરથર ધ્રુજે છે. ભલે કદાચ મરણ ટાણે બહારથી ધૈર્ય કે શાંતિ રાખે, પણ ‘હું મરું છું’ એવો જે અભિપ્રાય તેમાં પોતાના અસ્તિત્વનો જ ઈન્કાર પડયો છે એટલે મરણનો ભય તેને ખરેખર મટે જ નહિ. જ્ઞાની તો નિઃશંક છે કે અવિનાશી આત્મપદને દ્રષ્ટિમાં લઈને મરણને તો મેં મારી નાંખ્યું છે.–‘મૃત્યુ મરી ગયું રે લોલ’ પછી મરણનો ભય કેવો? અજ્ઞાનીને મરણ તણી બીક છે, જ્ઞાનીને તો આનંદની લહેર જો...

ભાઈ, બહારમાં તેં શરીર, મિત્ર, ધન, વગેરેને શરણરૂપ માનીને જીવન વીતાવ્યું, તો એ બધાના વિયોગ ટાણે તું કોનું શરણ લઈશ? અંદરમાં જે શરણ છે તેને તો તેં જાણ્યું નથી! –મરણ ટાણે કોના શરણે તું શાંતિ રાખીશ? સંયોગના શરણે કદી શાંતિ કે સમાધિ થાય નહિ. એટલે અજ્ઞાની તો દેહદ્રષ્ટિને લીધે મરણથી ભયભીત થઈને અસમાધિપણે મરે છે. આ રીતે અજ્ઞાનીની વાત કરી. ને જ્ઞાનીને તો દેહ છોડવો તે એક વસ્ત્ર બદલીને બીજાું ધારણ કરવા સમાન છે એટલે તે તો નિર્ભયપણે દેહ છોડે છે–એ વાત હવે કહેશે. ( ૭૬ )

## ‘ધનતેરસ’ ................ ‘ધન્ય- તે- રસ !’

આસો વદ ૧૩ ના રોજ ગુરુદેવે આત્માના અનુભવના અતીન્દ્રિય આનંદરસનું અદ્ભુત વર્ણન કરતાં કહ્યું કે આ ‘ધનતેરસ’ ની લાપસી પીરસાય છે, અતીન્દ્રિય આનંદરસથી ભરેલી લાપસી સન્તો પીરસે છે.

ત્યારે તે સાંભળીને, ઈંદોરના પં. શ્રી બંસીધરજીએ પ્રમોદપૂર્વક કહ્યું કે, **‘ધન્ય-તે-રસ!’** ધન્ય તે ધનતેરસનો અતીન્દ્રિય રસ. જેણે આત્માના આવા અતીન્દ્રિય આનંદરસનો અનુભવ કર્યો તે ધન્ય છે. ભગવાન મહાવીર પરમાત્મા આવા આનંદરસના અનુભવથી જીવનને ધન્ય કરીને મોક્ષમાં સિધાવ્યા. –ધન્ય તે...રસ !

# વાંચકો સાથે વાતચીત અને તત્ત્વચર્ચા

[ વાંચકોના વિચારને રજૂ કરતો સૌનો પ્રિય વિભાગ ]

પ્રઃ– કોઈ પ્રકારના શુભરાગથી ધર્મની શરૂઆત થતી નથી, ને વર્તમાનમાં તો શુભભાવ સિવાય બીજો ભાવ નથી, –તો કયા ભાવથી ધર્મની શરૂઆત થાય? (નં. ૧૩૮૬)

ઉઃ– શુભરાગથી પાર એવો જ્ઞાનભાવ પ્રગટ કરવાથી ધર્મની શરૂઆત થાય છે. પહેલાં ભલે તે ભાવ પ્રગટ ન હોય, પણ સત્સમાગમે સાચા પ્રયત્નવડે તે ભાવ પ્રગટી શકે છે.

પ્રઃ– સમજણ ઓછી હોય, તો સૌથી પહેલાં કયું પુસ્તક વાંચવું?

ઉઃ– ભાઈ, આપણા સમાજમાં અત્યારે પ્રાથમિક સાહિત્યની જોકે ખેંચ છે; છતાં જૈન બાળપોથી, સિદ્ધાંત પ્રવેશિકા, છહઢાળા, દ્રવ્યસંગ્રહ, મોક્ષમાર્ગપ્રકાશક, મુક્તિનો માર્ગ, મોક્ષમાર્ગ પ્રકાશનનાં કિરણો, રત્નસંગ્રહ તેમજ ગુરુદેવના પ્રવચનોનું વાંચન પ્રાથમિક જિજ્ઞાસુને ઉપયોગી થાય તેવું છે. ને સાક્ષાત્ સત્સંગમાં રહીને અભ્યાસ કરવાથી તત્ત્વ સમજવું સુગમ પડે છે.

પ્રઃ– આત્માના વિચાર કરવાથી આત્મા પ્રાપ્ત થાય છે? (NO. 346-347)

ઉઃ– આત્માના સાચા વિચાર ત્યારે જ થઈ શકે કે જ્યારે સત્સમાગમે તેનું સાચું સ્વરૂપ જાણ્યું હોય. સ્વરૂપ જાણીને તેના વિચાર કરતાં તે જરૂર પ્રાપ્ત થાય છે. શ્રીમદ્ રાજચંદ્રજી કહે છે કે–“કર વિચાર તો પામ.”

પ્રઃ– આત્મા શું છે ને ક્યાં છે? (NO. 68)

આત્મા જ્ઞાનસ્વરૂપ વસ્તુ છે; જે બધી વસ્તુનો જાણનાર છે તે જ આત્મા છે, ને તે પોતાના જ્ઞાનાદિ ગુણોમાં રહેલો છે. આ દેહમાં રહેલા (પણ દેહના સ્વરૂપથી ભિન્ન) આપણે સૌ આત્મા છીએ.

પ્રઃ– આત્માના વિચાર કરવા તે તો શુભરાગ છે, અને શુભરાગ કરતાં કરતાં શુદ્ધભાવ કદી થાય નહિ, તોપછી અમારે શું કરવું ? (સભ્ય નં. 470)

ઉઃ જ્ઞાની પાસેથી આત્માનું ખરૂં સ્વરૂપ લક્ષગત કર્યા પછી જિજ્ઞાસુ જીવ તેના જે વિચાર કરે છે તે ‘વિચાર’ માં એકલો શુભરાગ જ નથી પરંતુ જ્ઞાનભાવનું ઘોલન પણ ભેગું જ ચાલે છે; ને તે જ્ઞાનભાવના ઘોલનના બળે

વિકલ્પ તોડીને તે સ્વાનુભવ કરે છે. આ રીતે આત્મસ્વરૂપના સાચા વિચારમાં એકલો રાગ નથી પણ જ્ઞાનનું કાર્ય પણ ભેગું છે–એ વાત જિજ્ઞાસુઓએ ખાસ લક્ષમાં લેવા જેવી છે. તેથી જ શ્રીમદ્ રાજચંદ્રજીએ કહ્યું છે કે ‘કર વિચાર તો પામ!’

‘જન્મદિવસનું કાર્ડ અને ગુરુદેવનો ફોટો જોતાં જાણે જન્મ–મરણ ટાળવાનો વખત આવી ગયો હોય એમ લાગે છે. મારી બા દરરોજ મને સમજાવે છે કે આત્માની સમજણ કરીએ તો ભવનો નાશ થઈ જાય.’ (પંકજ જૈન) ભાઈ! ભારતની બધી માતાઓ પોતાના સન્તાનોને આત્મબોધ સહિત ધર્મસંસ્કાર આપે ને જૈનધર્મના મહાપુરુષોની જીવનકથા સંભળાવીને તેના જીવનમાં ઉત્તમ આદર્શ પૂરા પાડે–એમ ઈચ્છીએ.

પ્રઃ– ધાર્મિક વાંચન કરતા હોઈએ તે વખતે તો સંસાર દુઃખમય લાગે છે, પણ સંસારપ્રવૃત્તિ વખતે પાછું તે કેમ ભૂલાઈ જાય છે? (સ. નં. ૯)

ઉઃ– વાંચન વખતે સંસાર દુઃખમય લાગે છે તે તો શાસ્ત્રમાં કહ્યું છે તેથી દુઃખમય લાગે છે એટલે શાસ્ત્ર તરફના વલણથી જાગેલી એ વૃત્તિ ટકતી નથી, ને સંસારપ્રવૃત્તિ વખતે તે ભૂલાઈ જાય છે. પણ પરમશાંતિનું ધામ એવો આત્મા તેની સન્મુખ થઈને જો સંસાર દુઃખમય લાગે, તો આત્મામાંથી જાગેલી તે વૃત્તિ કોઈ પ્રસંગમાં છૂટે નહિ, ને તેની પરિણતિ દુઃખથી પાછી વળીને આત્મા તરફ વળ્યા વગર રહે નહિ. જ્ઞાનીઓને ભેદજ્ઞાનના બળે પોતાની પરિણતિમાં જ રાગ વગરની શાંતિનું પરિણમન થઈ ગયું છે, તે શાંતિ સંસારના કોઈ પ્રસંગમાં તેમને છૂટતી નથી. પર તરફ જોઈને સંસાર દુઃખમય લાગ્યો તે ખરેખર દુઃખમય લાગ્યો જ નથી, ખરેખર જો પરભાવરૂપ સંસાર દુઃખમય લાગે તો જીવ તેનાથી પાછો કેમ ન વળે? ને સુખના સમુદ્રમાં તે કેમ ન આવે?

“ભરવાડમાંથી ભગવાન”–તે વાંચીને તમનેય એવા થવાનું મન થયું;–તો સાચા આત્મપ્રયત્નવડે આપણે પણ જરૂર તેવા થઈ શકીએ. મહાપુરુષોના જીવનનાં દ્રષ્ટાંત શાસ્ત્રોમાં એટલા માટે જ આપ્યાં છે કે આપણને ય તેમના જેવા થવાની પ્રેરણા જાગે.

પ્રઃ– મોક્ષ જવું સારૂં કે સ્વર્ગ જવું સારૂં? (NO. 1588)

ઉઃ– સ્વર્ગ એ શુભ–રાગનું ફળ છે, ને મોક્ષએ વીતરાગતાનું ફળ છે. હવે તમે જ કહો જોઈએ–તમને બેમાંથી કયું ગમે?

પ્રઃ– સંસાર તો સુખ–દુઃખથી ભરેલો છે; તેમાં કયા સ્થળે જઈએ તો જીવને શાન્તિ થાય ને ધર્મમાં આગળ વધાય?

ઉઃ– આત્મસ્વભાવરૂપ જે સ્વતંત્ર સ્વદેશ તેમાં આવતાં શાંતિ થાય ને ધર્મમાં આગળ

વધાય; બાકી સંસાર તો પરભાવ છે, પરતંત્ર છે; એ પરભાવરૂપી પરદેશમાં તો સુખ ક્યાંથી હોય? તેથી તો–

**મને લાગે સંસાર અસાર...**
**એ રે સંસારમાં નહીં જાઉં...**
**નહી જાઉં...નહીં જાઉં રે...**

સભ્ય નં. 43 લખે છે–"બાલવિભાગના બાળ–ફૂલડાંની સંખ્યા વધતી જોઈ ઘણો આનંદ થાય છે. આપણા બાલ–પરિવારના બધા સભ્યો આત્મકલ્યાણ કરી, જિનવરના સંતાન બની, આપણા પૂર્વજો (–સિદ્ધભગવંતો) જેવા થાય એવી ભાવના કરું છું." (–આપની લાગણી અને શુભેચ્છા માટે આભાર!)

મોરબીથી સભ્ય નં. ૧૩૦૭ પૂછે છે–આખા ભારતદેશમાં જૈનધર્મના અંદાજે કેટલા જિનમંદિરો છે? અને તેમાં પણ પાંચે બાલબ્રહ્મચારી ભગવંતો બિરાજતા હોય એવું જિનમંદિર ક્યાં ક્યાં છે?

ઉઃ– ભાઈશ્રી! તમારો પ્રશ્ન વાંચીને એમ થયું કે ભારતના સાત લાખ ગામમાં જઈને જેટલા જિનમંદિરો છે તેનાં દર્શન કરી આવું ને તે દરેકમાં કયા કયા ભગવાન બિરાજે છે તે નક્કી કરતો આવું. પછી જવાબ લખું! –પણ એમ કરતાં તો રોજના સો–સો ગામમાં ફરું તોય વીસ વર્ષ લાગી જાય! એટલે નકશા ઉપરથી તેમ જ ગુરુદેવ સાથે ભારતના મોટા ભાગની યાત્રા કરી છે તે ઉપરથી અનુમાન કરી લખું છું કે ભારતમાં એક લાખ જેટલા જિનમંદિરો હશે. જૈનોની કુલ વસ્તી એક કરોડ જેટલી હશે. પાંચ બાલબ્રહ્મચારી ભગવંતો એક તો આપણા (તમારા ને મારા) ગામમાં જ બિરાજે છે. બીજા આરા (બિહાર) ના મંદિરમાં પણ પાંચ બાલબ્રહ્મચારી ભગવંતોની પ્રતિમા બિરાજે છે. તે સિવાય જયપુર, સમ્મેદશિખરજી, મુડબિદ્રિ, કારકલ, શ્રવણબેલગોલા, વગેરે કેટલાય ઠેકાણે જિનમંદિરોમાં પાંચ બાલ બ્રહ્મચારી તીર્થંકરોની પ્રતિમા છે–કેમકે 'ચોવીસી' માં તો તે પાંચ પણ આવી જાય ને! બીજે પણ કેટલેય ઠેકાણે બિરાજમાન હશે; તે સર્વને નમસ્કાર હો. –" જ્યાં જ્યાં પ્રતિમા જિનતણી ત્યાં ત્યાં કરું પ્રણામ."

પ્રઃ– 'વીતરાગી' ને 'હિતોપદેશી' તેમાં શું તફાવત? (નં. ૧૪૦૨)

ઉઃ– સર્વજ્ઞ અર્હંતદેવ વીતરાગી ને હિતોપદેશી છે; તેમાં વીતરાગતા તો આત્માનો પોતાનો (આત્મભૂત) ભાવ છે; ને હિતોપદેશરૂપ વચન તે આત્માથી ભિન્ન (અનાત્મભૂત) છે.

પ્રઃ– અનેકાન્તસ્વરૂપની શ્રદ્ધા કેવી રીતે થાય છે?

ઉઃ– જ્ઞાનસ્વરૂપ આત્માના અનુભવવડે અનેકાન્તસ્વરૂપની શ્રદ્ધા થાય છે.


# ભરવાડમાંથી ભગવાન

[ ૩ ]

**[ ભરવાડના ભવમાં ભક્તિપૂર્વક મુનિરાજને શાસ્ત્રદાન આપીને તે આત્મા કુંદકુંદ-કુમાર તરીકે અવતર્યા,. ૧૧ વર્ષે દીક્ષા લીધી...જ્ઞાયકભાવની આરાધના કરીને જ્ઞાનધ્યાનમાં લીન રહેવા લાગ્યા. અહીં ભરતક્ષેત્રમાં સર્વજ્ઞ ભગવાનના વિરહમાં વિદેહક્ષેત્રના સીમંધર ભગવાનનું ચિંતન કર્યું...ને તેમના સાક્ષાત્ દર્શન માટે આકાશમાર્ગે વિદેહક્ષેત્ર તરફ જઈ રહ્યા છે. -આટલી વાત અગાઉ આવી ગઈ છે. ]**

અહા ! એ કુંદકુંદ મુનિરાજ, ભગવાનને ભેટવા આકાશ માર્ગે જઈ રહ્યા છે. કેવું હશે એ દ્રશ્ય!! ને કેવા હશે એ મુનિરાજના અંતરના ભાવો!! કેવળજ્ઞાનના સાધકમુનિરાજ કેવળજ્ઞાનને સાક્ષાત્ નીહાળવા જાય છે...ભરતક્ષેત્રના તીર્થપતિ વિદેહક્ષેત્રના તીર્થંકરની વાણી સાંભળવા જાય છે. દક્ષિણદેશમાંથી પૂર્વવિદેહ તરફ જતાં જતાં વચ્ચે સમ્મેદશિખર–તીર્થ પણ રસ્તામાં આવ્યું હશે...તેને વંદન કરતાં કરતાં ઋદ્ધિબળે પર્વત ઓળંગીને આગળ ચાલ્યા હશે ને થોડી વારમાં શાશ્વત તીર્થ મેરુને દેખીને ભક્તિભાવથી વંદન કર્યા હશે...રત્નમય શાશ્વત જિનબિંબોની વીતરાગતા દેખી દેખીને વીતરાગભાવની ઉર્મિઓ એમને જાગી હશે...ને થોડી જ વારમાં વિદેહભૂમિમાં પ્રવેશ કર્યો. અહા, વિદેહક્ષેત્રમાં સમવસરણ વચ્ચે સીમંધર–પરમાત્માને નજરે નીહાળતાં એમના આત્મામાં કોઈ અચિંત્ય વિશુદ્ધિઓ પ્રગટી...એ જ્ઞાયકબિંબને દેખીને એક વાર તો તત્ક્ષણ પોતે પણ જ્ઞાયકબિંબમાં ઠરી ગયા. પરમ વિનયથી હાથ જોડીને પ્રભુને કોઈ અપૂર્વભાવે નમસ્કાર કર્યા, દિવ્યધ્વનિનું શ્રવણ કર્યું. અહા ! એ શંભુસ્વામી વગેરે ગણધરભગવંતો ને એ ચૈતન્યલીન મુનિવરોની સભા ! ...એ ઇન્દ્ર અને પદ્મચક્રવર્તીદ્વારા પ્રભુચરણની સેવા...ને ધર્મનો અદ્ભુત વૈભવ ! ધર્મની આરાધનાના કેવા આનંદકારી દ્રશ્યો ! વિદેહનાં એ દ્રશ્યો દેખીને એમનો આત્મા તૃપ્ત થયો ( દિવ્યધ્વનિમાંથી હૃદય ભરીભરીને શુદ્ધાત્માનું અમૃત પીધું–

**પ્રત્યક્ષ જિનવરદર્શને બહુ હર્ષ એલાચાર્યને;**
**ૐ કાર સૂણતાં નિજતણો અમૃત મળ્યું મુનિહૃદયને.**




ભરતના મુનિએ વિદેહક્ષેત્રના ભગવાનને નીહાળ્યા. તેઓ વિદેહક્ષેત્રમાં આઠ દિવસ રહ્યા..આઠ દિવસ સુધી સીમંધર ભગવાનના ચરણોમાં દિવ્યધ્વનિરૂપી અમૃત પીધું...ખૂબ ખૂબ પીધું. ત્યાંનાં મુનિઓ સાથે તેઓએ કેવી ચર્ચા કરી હશે!! ગણધરો ને શ્રુતકેવળી ભગવંતોના ચરણની કેવા ભાવથી ઉપાસના કરી હશે! અહો! ભરતના અને વિદેહના મુનિવરોના મધુરમિલનનાં એ દ્રશ્યો કેવા હશે!! –એ પ્રસંગ જોનારા જીવો પણ કેવા ભાગ્યશાળી! ભરતક્ષેત્રના આ પ્રતિનિધિને દેખીને વિદેહનાં માનવીઓ પણ આનંદિત થયા ને ઘણી ભક્તિથી એમનું બહુમાન કર્યું. આપણા કહાનગુરુ વગેરેના આત્માઓ પણ તે વખતે ત્યાં (રાજકુમાર અને તેમના મિત્રો) હતા; ને તેઓએ પણ પરમ ભક્તિથી કુંદકુંદ મુનિરાજનું બહુમાન કર્યું હતું.

વિદેહના મોટા માનવીઓ પાસે ભરતના માનવી તો સાવ નાના લાગે; એટલે વિદેહના માનવીઓ તેમને 'નાનકડા આચાર્ય' (એટલે કે એલ–આચાર્ય, એલાચાર્ય) એવા હુલામણા નામે ઓળખતા. વિદેહના મુનિઓ પાસે તેમનું શરીર ભલે નાનું પણ એમની દશા તો વિદેહના મુનિઓ જેવી જ! જેવા વિદેહના મુનિ તેવા જ આપણા ભરતના આ મુનિ. વિદેહના મુનિઓએ ભરતના આ મુનિરાજ પ્રત્યે કેવું વાત્સલ્ય બતાવ્યું હશે!

આમ પરમભક્તિથી તેમણે વિદેહક્ષેત્રની યાત્રા કરી...સીમંધરનાથના દર્શન કર્યા. વાહ! જ્ઞાયકભાવના આરાધક એ ભરવાડના જીવે ભગવાનને સાક્ષાત્ નીહાળ્યા...ને પોતે પણ ભગવાન જેવા થઈને પંચપરમેષ્ઠીની પંક્તિમાં બેઠા!

કુંદકુંદસ્વામી વિદેહક્ષેત્રે પધાર્યા તે પ્રસંગની સાક્ષીરૂપે ગુરુદેવના હસ્તાક્ષર અહીં આપીએ છીએ–




[ આ હસ્તાક્ષર ગુરુદેવે પોન્નુરતીર્થ ઉપર કુંદકુંદપ્રભુના ચરણસમીપે બેઠાબેઠા કરેલા છે. ]

## “જાગૃત રહો!” ( એક રાજાની વાત )

આત્મજાગૃતિની પ્રેરણા આપનારી એક નાનકડી વાત આવે છેઃ

એક હતો રાજા; તેને એક રાણી; એક પુત્રી ને એક દાસી; જૈનધર્મના રંગે રંગાયેલો આખો પરિવાર વૈરાગી હતો; એટલે સુધી કે દાસી પણ વૈરાગ્યમાં જાગૃત હતી.

એકવાર કાંઈક પ્રસંગ બનતાં રાજા વૈરાગ્યથી કહે છે કે–રે જીવ! તું જલદી ધર્મસાધના કરી લે. આ જીવન તો ક્ષણભંગુર સાત–આઠ દિવસનું છે! એનો શો ભરોસો!

ત્યારે રાણી કહે છે–રાજાજી! તમે ભૂલ્યા! સાત–આઠ દિવસનો પણ શો ભરોસો? રાત્રે હસતું હોય તે સવારમાં નષ્ટ થઈ જાય છે! માટે કાલના ભરોસો ન રહેવું.

ત્યારે પુત્રી ગંભીરતાથી કહે છે–પિતાજી, માતાજી! આપ બંને ભૂલ્યા. સાત–આઠ દિ' નો કે સવાર–સાંજનો શો ભરોસો? આંખના એક પલકારામાં કોણ જાણે શું થઈ જાય?

છેવટે દાસી કહે છે–અરે, આપ સૌ ભૂલ્યા. આંખના ટમકારમાં તો કેટલાય સમય ચાલ્યા જાય છે...એટલા સમયનો પણ શો વિશ્વાસ? માટે બીજા સમયની રાહ જોયા વગર વર્તમાન સમયમાં જ આત્માને સંભાળીને આત્મહિતમાં સાવધાન થવું, આત્મહિતનું કામ બીજા સમય ઉપર ન રાખવું. એક સમયનો પણ વિલંબ તેમાં ન કરવો.

卐 卐




## ગતાંકના પ્રશ્નોના જવાબ

(૧) કરનેવાલા કોઈકા નહીં,
દેખનેવાલા સબકા.
દેહમેં રહતા, દેહ નહીં.
દરિયા હૈ આનંદકા...
અઢી અક્ષરકા નામ હૈ,
પણ અનંતગુણકા ધામ હૈ.
**( આત્મા )**

(૨) એક ભગવાન એવા,
કે ભારે જોવા જેવા !
ચાર અક્ષરનું નામ છે.
યાત્રાનું એ ધામ છે.
એનો પહેલો અક્ષર આપણને બહુ ગમે;
છેલ્લા ત્રણ અક્ષરમાં એક મોટું શહેર વસે.
**( બાહુબલી )**

(૩) 'અનંત' માં જે વસે છે,
અનંતગુણનો પિંડ છે,
અયોધ્યામાં જન્મ્યા છે,
પાલેજમાં બિરાજે છે,
પાંચ અક્ષરનું નામ છે,
ને ચૌદ નંબરના દેવ છે.
**( અનંતનાથ )**

(૪) આ વર્ષે ફાગણ સુદ ચૌદશે ગુરુદેવ
કયાં વિચરતા હશે ?
**( સમ્મેદશિખર તીર્થધામમાં )**

## નવા પ્રશ્નો

પ્ર:૧ જીવ અને શરીર એ બેમાં શું ફેર ?

પ્ર:૨ શરીરની ક્રિયા તે જીવ છે કે અજીવ ?

પ્ર:૩ જીવનો ધર્મ જીવની ક્રિયા વડે થાય, કે અજીવની ક્રિયા વડે ?

આ ત્રણ પ્રશ્નો છે તો સાવ સહેલા, પણ જીવ અને અજીવનું ભેદજ્ઞાન કરવા માટે તે ખાસ ઉપયોગી છે, માટે બરાબર સમજજો.

પ્ર:૪ એક મોટા પંડિત જયપુરમાં થયા તેમની સ્મૃતિમાં એક સભામંડપ (હોલ) ત્યાં બન્યો છે, ને તેના ઉદ્‌ઘાટન–પ્રસંગે ગુરુદેવ જયપુર પધારવાના છે. –તો જયપુરના એ મોટા પંડિત કોણ ? અને તેમણે બનાવેલું એક ધર્મશાસ્ત્ર ખૂબ પ્રસિદ્ધ છે–તે કયું ?

જવાબ **પાંચમી** તારીખ સુધીમાં, જેમ બને તેમ વેલાસર લખશો.

આત્મધર્મ બાલવિભાગ
**સોનગઢ** ( સૌરાષ્ટ્ર )

## માતાજી પાઠ પઢાવે છે



હું જિનવરનો સંતાન છું.
હું નિજગુણમાં એકતાન છું.

હું અનંત ગુણનો દરિયો છું,
હું અનંત જ્ઞાનથી ભરિયો છું.

હું સુખ-શાંતિનો સાગર છું,
હું શિવનગરીનો નાગર છું.

હું મોહભાવને દૂર કરું.
હું જ્ઞાનભાવને પ્રાપ્ત કરું.

હું જગતનો પ્રકાશક છું.
હું પોતે પોતાને જાણું છું.

હું મુજ આત્મામાં લીન બનું.
હું પરભાવ છોડી સિદ્ધ બનું.

## જવાબ મોકલનાર સભ્યોના નંબર

૮૮૩ ૮૮૪ ૮૮૫ ૧૦૪૭ ૧૧૩ ૨૭ ૧૬૬૧ ૧૬૦૦ ૮૦૯ ૧૩૦૮ ૧૩૦૯ ૧૩૦૭ ૧૪૩ ૬૨૬ ૧ ૨ ૩ ૪ ૪૦ ૫૨૨ RK ૩૧ ૮૬૪ ૧૬૨૧ ૨૧૫ ૩૧૮ ૩૧૯ ૯૮૪ ૭૫૮ ૭૫૯ ૭૬૦ ૭૬૧ ૧૧૭૫ ૧૧૭૬ ૫૪૩ ૩૧૧ ૩૧૨ ૧૭૦૦ ૩૪૨ ઉજ્જૈન ૧૫૭૭ ૧૩૫૧ ૧૧૫ ૩૩૩ ૩૩૪ ૩૩૫ ૩૩૬ ૯૭૩ ૮૧ ૭૩૦ ૧૩૫ ૧૩૨૯ ૨૭૭ ૪૩૧ ૪૩૨ ૬૬૬ ૬૬૭ ૧૬૭૨ ૨૩૦ ૩૭૪ ૪૧૯ ૨૪૩ ૪૨૧AB ૭૭૧ ૪૫૬ ૧૬૭૭ ૭૯૧ ૪૦૧ ૧૧૫૦ ૩૭૭ ૧૮૦ ૮૬૮ ૨૯૬ ૧૬૨૪ ૧૬૨૫ ૧૨૦ ૧૬૩૯ ૧૬૪૦ ૧૬૪૧ ૧૬૪૨ ૧૬૪૩ ૧૩૪૬ ૩૨૭ ૩૨૮ ૩૯૩ ૩૯૨ ૪૪૫ V.C. ૩૫૧ ૩૫૨ ૫૬૫ ૫૩૩ ૫૩૪ ૩૪૬ ૩૪૭ ૩૮૪ ૬૩૦ ૧૧૭૩ ૭૫૫ ૩૦૬ ૧૨૪ ૭૪૧ ૭૩૩ ૭૩૫ ૭૭૫ ૮૯૩ ૯૩૪ ૬૨ ૪૪૮B ૧૩૩૮ ૧૫૬૫ ૪૪૫ ૧૩૦૬ ૭૫૧ ૧૧૭ ૧૫૮૮ ૧૪૩૫ ૧૦૫૦ ૪૬૨ ૪૯ ૮ ૨૯ ૪૨ ૩૭૩ ૩૭૨ ૪૫૪ ૮૦ ૩૭૮ ૭૮૮ ૮૧૨ ૧૫૭૫ RV. PV. ૪૧૪ ૧૪૫૫ ૨૪૬ ૨૬૨ ૩૦૦

૩૪૪ ૩૬૯ ૧૬૧૧ ૧૫૯૬ ૧૩૨૨ ૨૫૨ ૨૫૩ ૧૧૫૫ ૨૪૪ ૩૨૫ ૭૮૭ ૭૮૫ ૮૬૮ ૮૬૯ ૪૧૪ ૮૭૦ ૧૫૮૧ ૧૨૯ ૫૫૦ ૧૧૩૫ ૧૧૩૬ MB. ૧૨૫૧ ૧૧૬૨ ૮૩ ૮૪ ૬૬ ૧૦૦૮ ૧૪૧૦ ૧૪૧૧ ૧૪૧૨ ૨૭૨ ૮૬૧SJ. ૪૪૮ ૪૪૯A ૮૦૮ ૧૩૩૩

## ફૂલ અને ભ્રમર

ફૂલ ઈચ્છતું નથી કે
ભ્રમર તેની પાસે આવે;
છતાં એની સુગંધથી
આકર્ષાઈને ભ્રમર આવે છે.
તેમ

ગુણવાન સન્તો ઈચ્છતા નથી કે કોઈ એની સેવા કરે; પણ એના સદ્‌ગુણોની સુગંધથી આકર્ષાઈને, વગર બોલાવ્યે પણ મુમુક્ષુ એની સેવા કરવા આવે છે.

સસાશીંગનું વહાણ જ કર્યું,
મૃગતૃષ્ણામાં જઈને તર્યું,
વંધ્યાસૂત બે વહાણે ચડયા,
ને ખ–પુષ્પનાં વસાણાં ભર્યા.

આનો અર્થ તમને આવડશે? નહિતર ગુરુદેવે તેનો ભાવાર્થ સમજાવ્યો છે તે આવતા અંકમાં વાંચશો

卐

## મારો ધર્મ



('દેશ મારો દેશ મારો' ના આધારે બનાવેલું
આ કાવ્ય બધા બાળમિત્રોને બહુ ગમશે.)

ધર્મ મારો ધર્મ મારો ધર્મ મારો રે,
પ્યારો પ્યારો લાગે જૈન ધર્મ મારો રે...૧
ૠષભ થયા, વીર થયા, ધર્મ મારો રે,
બલવાન બાહુબલી સેવે ધર્મ મારો રે... ૨
ભરત થયા, રામ થયા, ધર્મ મારો રે,
કુન્દ-કહાન જેવા સંત થયા ધર્મ મારો રે... ૩
સીતા-ચંદના-અંજના થયા ધર્મ મારો રે,
બ્રાહ્મી-રાજુલ-માત શોભાવે ધર્મ મારો રે... ૪
સિંહ સેવે, વાઘ સેવે ધર્મ મારો રે,
હાથી, વાનર, સર્પ સેવે ધર્મ મારો રે... ૫
આતમાનું જ્ઞાન આપે ધર્મ મારો રે,
રત્નત્રયનાં દાન આપે ધર્મ મારો રે... ૬
સમકિત જેનું મૂળ છે એ ધર્મ મારો રે,
મને સુખ આપે મોક્ષ આપે ધર્મ મારો રે... ૭

# અમે જિનવરનાં સન્તાન ( નવા સભ્યો )

| | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|
| ૧૬૫૨ | દિલીપકુમાર ચંદુલાલ | જૈન | બામણવાડ | ૧૬૮૫ | પ્રજ્ઞાબેન હીરાલાલ | જૈન | મુંબઈ–૪ |
| ૧૬૫૩ | ભરતકુમાર ચંદુલાલ | ” | બામણવાડ | ૧૬૮૬ | દિલીપકુમાર હીરાલાલ | ” | મુંબઈ–૪ |
| ૧૬૫૪ | કુમારપાળ રમણલાલ | ” | વાસદ | ૧૬૮૭ | પ્રદીપકુમાર હીરાલાલ | ” | મુંબઈ–૪ |
| ૧૬૫૫ | મીનાક્ષીબેન રમણલાલ | ” | વાસદ | ૧૬૮૮ | વીરેન્દ્રકુમાર હરગોવિંદ | ” | અમદાવાદ |
| ૧૬૫૬ | કોકિલાબેન રમણલાલ | ” | વાસદ | ૧૬૮૯ | ઉપેન્દ્રકુમાર હરગોવિંદ | ” | અમદાવાદ |
| ૧૬૫૭ | નીલેશકુમાર રમણલાલ | ” | વાસદ | ૧૬૯૦ | અમીતાબેન પી. | ” | દાદર |
| ૧૬૫૮ | જયંતકુમાર રમણલાલ | ” | વાસદ | ૧૬૯૧ | સોનલબેન પી. | ” | દાદર |
| ૧૬૫૯ | રાજેશકુમાર રમણલાલ | ” | વાસદ | ૧૬૯૨ | દીનેશકુમાર રાજેન્દ્રકુમાર | ” | દાદર |
| ૧૬૬૦ | જયશ્રીબેન ચીમનલાલ | ” | મુંબઈ–૩ | ૧૬૯૩ | સુલેખાબેન રજનીકાન્ત | ” | દાદર |
| ૧૬૬૧ | સુશીલાબેન જગજીવન | ” | ગઢડા | ૧૬૯૪ | પ્રવીણચંદ્ર એસ. | ” | જોરાવરનગર |
| ૧૬૬૨ | જસવંત કાન્તિલાલ | ” | લખતર | ૧૬૯૫ | નલીનીબેન એસ. | ” | જોરાવરનગર |
| ૧૬૬૩ | સુધાબેન પ્રીતમલાલ | ” | ભચાઉ( કચ્છ ) | ૧૬૯૬ | દીલીપકુમાર એસ. | ” | જોરાવરનગર |
| ૧૬૬૪ | દર્શનાબેન રમેશચંદ્ર | ” | ઘાટકોપર | ૧૬૯૭ | લલિતકુમાર એસ. | ” | જોરાવરનગર |
| ૧૬૬૫ | વીરાજ જયસુખલાલ | ” | માટુંગા | ૧૬૯૮ | સુરેશકુમાર એસ. | ” | જોરાવરનગર |
| ૧૬૬૬ | અતુલ પ્રીતમલાલ | ” | અંધેરી | ૧૬૯૯ | રેખાબેન ધીરજલાલ | ” | મુંબઈ–૨ |
| ૧૬૬૭ | પ્રવીણચંદ્ર જે. | ” | હૈદરાબાદ | ૧૭૦૦ | જ્યોતિબાળા બાબુભાઈ | ” | સોનગઢ |
| ૧૬૬૮ | પ્રફુલ્લચંદ્ર જે. | ” | હૈદરાબાદ | ૧૭૦૧ | પ્રવીણચંદ્ર દુર્લભજી | ” | ખાંભા |
| ૧૬૬૯ | દીલીપકુમાર મહાસુખલાલ | ” | હૈદરાબાદ | ૧૭૦૨ | ધીરજલાલ બાવચંદ | ” | ખાંભા |
| ૧૬૭૦ | હિતેશ મહાસુખલાલ | ” | હૈદરાબાદ | ૧૭૦૩ | રીટાબેન વીઠલદાસ | ” | ઘાટકોપર |
| ૧૬૭૧ | ભરતકુમાર વિરચંદ | ” | પોશીના | ૧૭૦૪ | કમલેશ વિઠલદાસ | ” | ઘાટકોપર |
| ૧૬૭૨ | અલકાબેન હીરાલાલ | ” | | ૧૭૦૫ | પંકજ બાલચંદ | ” | અમદાવાદ |
| ૧૬૭૩ | अनीलकुमार जैन | | सनावद | ૧૭૦૬ | અશોકકુમાર જીવતલાલ | ” | ખાનપુર |
| ૧૬૭૪ | કુમુદચંદ્ર કોદરલાલ | ” | મુનાઈ | ૧૭૦૭ | પારૂલ જયંતિલાલ | ” | જામનગર |
| ૧૬૭૫ | કોકિલાબેન કોદરલાલ | ” | મુનાઈ | ૧૭૦૮ | હરેન્દ્રકુમાર જે. | ” | જામનગર |
| ૧૬૭૬ | કીરીટકુમાર ચુનીલાલ | ” | ઈડર | ૧૭૦૮A | સુરેશકુમાર જે. | ” | જામનગર |
| ૧૬૭૭ | રીટાબેન પ્રેમચંદ | ” | લાઠી | ૧૭૦૯ | પારૂલબેન જે. | ” | જામનગર |
| ૧૬૭૮ | વિજયકુમાર કાન્તિલાલ | ” | મુંબઈ–૧૨ | ૧૭૧૦ | મીનળબેન કાન્તિલાલ | ” | મુંબઈ |
| ૧૬૭૯ | હરીશકાન્ત મોહનલાલ | ” | દાદર | ૧૭૧૧ | દેવ્યાનીબેન કાન્તિલાલ | ” | મુંબઈ |
| ૧૬૮૦ | નિર્મળાબેન મોહનલાલ | ” | દાદર | ૧૭૧૨ | સોનલબેન કાન્તિલાલ | ” | મુંબઈ |
| ૧૬૮૧ | હંસાબેન સૌભાગ્યચંદ | ” | ખંભાલિયા | ૧૭૧૩ | કલ્પનાબેન ચીમનલાલ | ” | સોનગઢ |
| ૧૬૮૨ | સરોજબેન સૌભાગ્યચંદ | ” | ખંભાલિયા | ૧૭૧૪ | જિતેન્દ્ર ચીમનલાલ | ” | સોનગઢ |
| ૧૬૮૩ | કાશ્મીરાબેન સૌભાગ્યચંદ | ” | ખંભાલિયા | ૧૭૧૫ | અતુલકુમાર પ્રભુદાસ | ” | સોનગઢ |
| ૧૬૮૪ | શીલાબેન હીરાલાલ | ” | મુંબઈ–૪ | | ( વિશેષ આવતા અંકે ) | | जय जिनेन्द्र |

## -કરના જો ચાહો કરલો

### ( ભજનસંગ્રહમાંથી...ગઝલ )

મરના જરૂર હોગા, કરના જો ચાહો કરલો;
ફલ ઉસકા પાના હોગા, કરના જો ચાહો કરલો.

પાયા મનુષ્ય જનમ હૈ, જિસકા ન મોલ કમ હૈ;
જબ તક કિ મન મેં દમ હૈ, કરના જો ચાહો કરલો.

જીને કે સાથ મરના, જીવન કા ફલ બુઢાપા;
ધન ભી થિર ન રહેગા, કરના જો ચાહો કરલો.

બોઓગે બીજ જૈસા, ફલ પ્રાપ્ત હોગા વૈસા;
નહીં નીમ આમ હોગા, કરના જો ચાહો કરલો.

રોવોગે વા હંસોગે, શીશે કો દેખ કર તુમ;
પ્રતિબિમ્બ વૈસા હોગા, કરના જો ચાહો કરલો.

કરલો ભલાઈ ભાઈ, કરતે હો કયોં બુરાઈ;
દિન ચાર જીના હોગા, કરના જો ચાહો કરલો.

કર કર કે છલ કપટ જો, લાખોં રૂપયે કમાયે;
સબ છોડ જાના હોગા, કરના જો ચાહો કરલો.

અપને મજે કી ખાતિર, પર કે ગલે ન કાટો;
દુઃખ તુમકો પાના હોગા, કરના જો ચાહો કરલો.

ઉપકાર કો ન ભૂલો, જો ચાહતે ભલાઈ;
યે હી સાથ હોગા, કરના જો ચાહો કરલો.

શુભ કામ કરકે મરના, સમજો ઈસી કો જીના;
જીના ન ઔર હોગા, કરના જો ચાહો કરલો.

જો આજ ધર્મ કરના, છોડો ન ઉસકો કલ પર;
સાથી ધરમ હી હોગા, કરના જો ચાહો કરલો.

હો સક્તા મોલ સબકા, પર મોલ ના સમય કા;
'બાલક' યે કહના હોગા, કરના જો ચાહો કરલો.

## વૈરાગ્ય સમાચાર

* રસનાળાવાળા વૃજલાલ માણેકચંદ શેઠ ઘાટકોપર મુકામે તા. ૧૦–૧૦–૬૬ ના રોજ સ્વર્ગવાસ પામ્યા છે.
* બોટાદનિવાસી નંદલાલ જગજીવનદાસ તુરખીઆના ધર્મપત્ની જસવંતીબેન તા. ૧૭–૧૧–૬૬ ના રોજ ઘાટકોપર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.
* અમદાવાદમાં ભાઈશ્રી કચરાભાઈ માણેકચંદ શહેરી ( ડાયાભાઈ ઘડિયાળીના પિતાજી ) કારતક સુદ ૪ ના રોજ એકાએક હાર્ટફેઈલથી સ્વર્ગવાસ પામી ગયા.
* નવાગામ ( જામનગર ) ના ભાઈશ્રી લખમણ ધારા આસો વદ બીજના રોજ આફ્રિકામાં કેન્યા–ફોર્ટહોલખાતે સ્વર્ગવાસ પામ્યા.
* સોનગઢમાં ભાઈશ્રી મોહનલાલ ત્રીકમજી દેસાઈ લકવાની બિમારીથી કારતક સુદ ૧૩ ની મધરાતે સ્વર્ગવાસ પામી ગયા છે.
* રાણપુરવાળા મોનજી વીરજી ભગત કારતક માસમાં સોલાપુર મુકામે સ્વર્ગવાસ પામ્યા છે.
* પાલણપુરવાળા ભાઈશ્રી મણિલાલ વેલચંદ ઝવેરી તા. ૭–૧૨–૬૬ ના રોજ મુંબઈ મુકામે સ્વર્ગવાસ પામી ગયા.

**જગતમાં હંમેશ બનતી આ અનિત્યતા એમ કહે છે કે કાળચક્રની ઝડપ કરતાં વધારે ઝડપથી તું આત્મહિતને સાધી લે. સ્વર્ગસ્થ આત્માઓ સત્સંગના પ્રતાપે આત્મહિતને પામો.**

## શાશ્વત તીર્થધામ શ્રી સમ્મેદશિખરજી તીર્થયાત્રાનો કાર્યક્રમ.

| ક્રમાંક | ગામ | માઈલ | તિથિ | તારીખ<br>પહોંચવાની તથા રોકાવાની | વાર | કેટલા દિવસ |
|---|---|---|---|---|---|---|
| | જયપુરથી મંગલપ્રસ્થાન | | ફાગણ સુદ ૬ | તા. ૧૭-૩-૬૭ | શુક્રવાર | |
| ૧ | મહાવીરજી | ૧૦૦ | ફાગણસુદ ૬ | ૧૭-૩-૬૭ | શુક્રવાર | ૧ |
| ૨ | બયાના | ૨૭ | ફાગણસુદ ૭ | ૧૮-૩-૬૭ | શનિવાર | ૧ |
| ૩ | ઈટાવા | ૧૨૪ | ફાગણસુદ ૮ | ૧૯-૩-૬૭ | રવિવાર | ૧ |
| ૪ | કાનપુર | ૧૧૧ | ફાગણસુદ ૯ | ૨૦-૩-૬૭ | સોમવાર | ૧ |
| ૫ | અલાહાબાદ | ૧૨૧ | ફાગણસુદ ૧૦ | ૨૧-૩-૬૭ | મંગળવાર | ૧ |
| ૬ | બનારસ | ૭૮ | ફાગણસુદ ૧૧ | ૨૨-૩-૬૭ | બુધવાર | ૧ |
| ૭ | ડાલમિયાનગર | ૮૪ | ફાગણસુદ ૧૨ | ૨૩-૩-૬૭ | ગુરુવાર | ૧/૨ |
| ૮ | શીરઘાટ | ૪૫ | ફાગણસુદ ૧૨ | ૨૩-૩-૬૭ | ગુરુવાર | ૧/૨ |
| ૯ | શિખરજી | ૧૦૬ | ફાગણવદ ૧૩ થી ૨ | ૨૪-૩-૬૭ થી ૨૭-૩-૬૭ | શુક્રવાર થી સોમવાર | ૪ |
| | | કુલ ૭૯૬ માઈલ | | | | ૧૧ દિવસ |

**સૂચના-** (૧) પૂ. ગુરુદેવ સહિત સંઘનો, શિખરજી પછીનો પાવાપુરી, રાંચી અને કલકત્તાનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

(૨) સંઘના અન્ય યાત્રાળુઓનો પાવાપુરી, રાજગૃહી, ચંપાપુરી અને કલકત્તાનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

(૩) કલકત્તા પછીનો ફીરોઝાબાદ, આગ્રા, દિલ્હી, ઉદેપુર, વગેરેનો કાર્યક્રમ હવે પછી જાહેર કરવામાં આવશે.

(૪) સંઘ ફાગણ સુદ ૧૨ તા. ૨૩-૩-૬૭ ગુરુવારે રાત્રે શિખરજી પહોંચી જશે.

(૫) શાશ્વત તીર્થધામ શ્રી શિખરજી પાવનયાત્રા ફાગણ સુદ ૧૪ તા. ૨૫-૩-૬૭ શનિવારે પ્રાતઃકાળે થશે.

(૬) યાત્રાસંઘમાં જોડાવા માટે ભરવાના વિનંતી-પત્ર પોતાના ગામના મુમુક્ષુ-મંડળમાંથી મેળવી લેવા અથવા પત્ર લખી સોનગઢથી મંગાવી લેવા.


## આત્મધર્મની આજીવન સભ્ય યોજના

આપ નીચેના સરનામે રૂા. ૧૦૧) મોકલી ગુજરાતી અથવા હિંદી આત્મધર્મના આજીવન સભ્ય બની શકો છો. અત્રે આજીવન એટલે જ્યાંસુધી આત્મધર્મ પ્રગટ થશે ત્યાં સુધી આપને આત્મધર્મ મળ્યા કરશે. આપને દર વર્ષે લવાજમ ભરવું પડશે નહિ. આપ કોઈપણ સમયે આજીવન સભ્ય બની શકો છો. આજીવન સભ્યફીના રૂા. ૧૦૧) ડ્રાફ્ટ અથવા મનીઓર્ડરથી પણ મોકલી શકાય છે.

સરનામું:- **મેનેજર, C/O શ્રી દિ. જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ, સોનગઢ (સૌરાષ્ટ્ર)**

## જિનબિંબપ્રતિષ્ઠા અને સમ્મેદશિખરજીની મંગલ તીર્થયાત્રા સંબંધી કાર્યક્રમ

**આત્મધર્મનાં ગતાંકમાં જે પ્રવાસ કાર્યક્રમ રજુ થયો હતો તેમાં કેટલોક ફેરફાર થયેલ છે તે પ્રત્યે જિજ્ઞાસુઓનું ધ્યાન ખેંચીએ છીએ. સુધારેલો કાર્યક્રમ અહીં આપ્યો છે-**

આ કારતક વદ ૧૩ સોનગઢથી પ્રસ્થાન કરી અમદાવાદ, વડોદરા ને મીંયાગામ થઈ પૂ. ગુરુદેવ પાલેજ પધાર્યા છે ને ત્યાં ૮ દિવસ બિરાજી વળતા માગશર સુદ તેરસે બરવાળા થઈને સુદ ૧૪ પુનઃ સોનગઢ પધારશે. ત્યારબાદ પોષ સુદમાં સોનગઢથી પ્રસ્થાન કરશે અને વચ્ચેના ગામો થઈ–

* **પોષ વદ પાંચમથી આઠમ જસદણમાં વેદીપ્રતિષ્ઠા**
* **પોષ વદ નોમથી માહ સુદ એકમ મોટા આંકડિયામાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા.**
* **માહ સુદ ત્રીજથી માહ સુદ અગિયારસ હિંમતનગરમાં પંચકલ્યાણક પ્રતિષ્ઠા.**

પછી આબુ રસ્તે વચ્ચેના ગામો થઈ, અજમેર, કિસનગઢ, કુચામન, લાડનુ અને સીકર **થઈ જયપુર માહ વદ અગિયારસ** ( તા. ૬ માર્ચ ) ના રોજ પહોંચશે અને ત્યાં ફાગણ સુદ પાંચમ તા. ૧૬ માર્ચ ) સુધી કુલ અગિયાર દિવસ બિરાજશે. ( જયપુર વેદીપ્રતિષ્ઠા તથા પંડિત શ્રી ટોડરમલજી સ્મારકભવનનું ઉદ્‌ઘાટન ફાગણ સુદ બીજનું છે. )

* જયપુરથી યાત્રિકસંઘ સહિત સમ્મેદશિખરજી યાત્રા માટે ફાગણ સુદ છઠ્ઠ ( શુક્રવાર તા. ૧૭માર્ચ ) ના રોજ મંગલપ્રસ્થાન થશે અને સામે પાને દર્શાવેલ કાર્યક્રમ મુજબ ફાગણ સુદ ૧૩ ( તા. ૨૪ શુક્રવાર ) ના રોજ સમ્મેદશિખરજી પધારશે અને ફાગણ સુદ ૧૪ તા. ૨૫માર્ચ ના રોજ પાવન સિદ્ધધામ તીર્થની મંગલયાત્રા થશે. શિખરજીધામમાં કુલ ચાર દિવસ ( તા. ૨૭ સુધી ) બિરાજશે. ત્યારપછીના કાર્યક્રમ માટે સામે પાને જુઓ.

**વિશેષમાંઃ- આ યાત્રાસંઘ માટે જયપુરથી મોટરબસો કરવાનું નક્કી થયું છે. બસદ્વારા જયપુરથી સમ્મેદશિખરજી વગેરેની યાત્રા તથા બીજા શહેરો થઈને પાછા જયપુર આવવાનો પૂરો પ્રોગ્રામ લગભગ ૩૫ દિવસનો છે ને ત્રણ હજાર માઈલ જેટલી મુસાફરી છે. આ માટે જયપુરથી શરૂ કરીને પાછા જયપુર સુધી પહોંચવાની બસનું ભાડું આખી ટીકીટના રૂા. ૧૫૦ ( દોઢસો ) તથા ૩ થી ૧૦ વર્ષનાની અડધી ટીકીટના રૂા. એકસો નક્કી કરવામાં આવ્યા છે. ભોજન વ્યવસ્થા સૌએ પોતપોતાની કરી લેવાની છે. જેમણે સંઘમાં જોડાવાની ઈચ્છા હોય તેમણે પોતાના સ્થાનિક મુમુક્ષુમંડળમાંથી અથવા નીચેના સરનામેથી ફોર્મ મંગાવીને ભરી મોકલવા.**

**શ્રી જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ**
**સોનગઢ ( સૌરાષ્ટ્ર )**

છહઢાળાના પ્રવચન ઉપરથી આ ચિત્ર તૈયાર કર્યું છે; ઝીણવટથી જોશો તો તેનો ભાવ ખ્યાલમાં આવી જશે. અને નહિતર આવતા અંક સુધી રાહ જુઓ-




આથી અમો જાહેર કરીએ છીએ કે નીચે આપેલી વિગતો અમારી જાણ અને માન્યતા મુજબ બરાબર છે.

| | |
|---|---|
| માસિક-પત્રનું નામ | : આત્મધર્મ. |
| ભાષા | : ગુજરાતી |
| પ્રકાશકનું નામ | : શ્રી જગજીવન બાવચંદ દોશી શ્રી દિ. જૈન સ્વા. મં. ટ્રસ્ટ વતી |
| રાષ્ટ્રીયતા | : ભારતીય |
| સરનામું | : સોનગઢ ( સૌરાષ્ટ્ર ) |
| મુદ્રકનું નામ | : મગનલાલ ગિરધારીલાલ જૈન. |
| રાષ્ટ્રીયતા | : ભારતીય. |
| સરનામું | : પાલીતાણા રોડ, સોનગઢ. |
| મુદ્રણાલયનું નામ | : અજિત મુદ્રણાલય, સોનગઢ ( સૌરાષ્ટ્ર ) |
| પ્રકાશન સમય | : દર માસની ૨૦ મી તારીખ |

લિ. જગજીવન બાવચંદ દોશી
તંત્રી


આત્મધર્મ ભેટપુસ્તકઃ- આત્મધર્મના ચાલુ વર્ષના ગ્રાહકોને સુરતના ભાઈશ્રી ફાવાભાઈના સ્મરણ નિમિત્તે “શ્રાવકધર્મપ્રકાશ” ભેટપુસ્તક તરીકે આપવાનું નક્કી થયું છે. પુસ્તકો તૈયાર થઈ રહ્યા છે. જ્યાં મુમુક્ષુ મંડળ છે ત્યાં મુમુક્ષુ મંડળ મારફત ભેટપુસ્તકો મોકલાશે, બીજે પોસ્ટથી મોકલાશે; પુસ્તકો તૈયાર થયે તેની સૂચના છપાશે, ભેટપુસ્તક મેળવવા વેલાસર ગ્રાહક થઈ જવું જરૂરી છે.

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાય મંદિર ટ્રસ્ટ વતી પ્રકાશક અને
મુદ્રકઃ મગનલાલ જૈન, અજિત મુદ્રણાલયઃ સોનગઢ ( સૌરાષ્ટ્ર )